Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૩૬ ● તા. ૧ થી ૭ સપ્ટેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## પર્વ પર્યુષણમાં પુ.ગુરૂવર્યોની નિશ્રામાં કલ્પસૂત્ર (પોથી)ની શોભાયાત્રાઓની ઝલક



પુ. ગચ્છાધિપતિશ્રી આશિર્વાદ આપતાં પ્રસન્ન મુદ્રામાં



પુ. આચાર્યશ્રી સંગાથે વરઘોડામાં સંઘ



ગુરૂવર્ય પુ.આ.શ્રી માંગલિક ફરમાવતાં...



પારોલા તીર્થે કલ્પસુત્ર શોભાયાત્રામાં ભાવિકો



જ્ઞાતિમૈયાને આશિષ આપતા પૂ.આ.ભ.શ્રી



અનંતનાથ જિનાલયે પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી આ.ઠા.



વડોદરામાં પુ.કવિન્દ્રસાગરજી આ.ઠા.



વડોદરામાં વરઘોડામાં પૂજ્યશ્રી સાથે ભાવિકો



પૂ.ગણિવર્ય કવિન્દ્રસાગરજી દ્વારા સુત્રવાંચન



બેંગલોરમાં શોભાયાત્રામાં પૂ.મુનિ દેવરત્નસાગરજી આ.ઠા.



પૂજ્યશ્રી સંગાથે બેંગલોર સંઘ પોથી વરઘોડામાં...



પૂ.મુ.દેવરત્નસાગરજી સાથે સંઘના કાર્યકરો



પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળતા ભાવિકો



પ્રભાવક શૈલીમાં વ્યાખ્યાન આપતા પૂ.દેવરત્નસાગરજી

## લોડાયા અને ધરમશી પરિવારનું ગૌરવ-હાર્દિક અભિનંદન !



**ચિ. બ્રિન્દા ચંદ્રકાંત મેઘજી લોડાયા** (કોઠારા-પાંચોરા)

*ગગન વિહારનું સપનું સેવ્યું, કર્યો દૃઢ નિર્ધાર...*
*હામ, હિંમત અને મહેનતથી પરિવારનું સપનું કર્યું સાકાર*

અમારી વહાલસોઈ દિકરી **ચિ. બ્રિન્દા** M.M.S. (H.R.M.)માં ૭૨% મેળવી ઉત્તીર્ણ થઈ છે. તે બદલ હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં પણ આવા ઉચ્ચ પ્રગતિના શિખરો સર કરો એવી શુભેચ્છાઓ....

**✻ શુભાશિષ ✻**

દાદાણાં : **માતુશ્રી વિજ્યાબાઈ મેઘજી લોડાયા** (પાંચોરા)
નાનાણાં : **શા. કલ્યાણજી મણશી ધરમશી** (મુલુંડ)
માતા-પિતા : **સૌ. લક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા**
ફઈ-ફુઆ : **સૌ. ગીતાબેન ચેતન મૈશેરી** (દહીસર)
બેન-બનેવી : **સૌ. રચના મેહુલ સોની** (ભુજ)
- " - : **સૌ. હંસિકા કુણાલ મોતા** (અંધેરી)

તથા **શા. જીવરાજ હીરજી લોડાયા સમસ્ત પરિવાર**
**(પાંચોરા - ચોપડા - જલગામ)**

## અગત્યની સુચના

"પ્રકાશ-સમીક્ષા"માં પ્રકાશન માટે મોકલાતી જાહેરાતદારોએ જાહેરાતની મેટર સ્વચ્છ-સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. મેટર સાથે ફોટા હોય તો તેની પાછળ વિગત લખી મોકલવી. નેટથી મોકલનારાઓએ ફોન કરી વિગત અને ફાઈલ નામ જણાવવું. પોતાની રીતે તૈયાર કરી મોકલનારાએ પ્ર.સ.ની નિયત સાઈઝ મુજબ તૈયાર કરી .jpg, .pdf કે .cdr open file with convert to curve ફોરમેટમાં મોકલવી. અને શક્ય હોય તો સીડીમાં પ્રિન્ટઆઉટ સાથે મોકલવા. પાછળથી સુધારા નહી થઈ શકે.

જા.ખ. મોકલનાર જા.ખ.ની સાઈઝ, કલર કે B/W, બીલીંગ નામ-સરનામું અને ફોન કે ઈમેઈલ વિગત મોકલવી. જા.ખ.નું સાઈઝ મુજબ થતું નિયત દર મુજબનું પેમેન્ટ જા.ખ. સાથે જ અગાઉથી મોકલવું.

જેમના પણ જા.ખ. પેમેન્ટ બાકી હોય તેમણે તુરંત પેમેન્ટ મોકલાવી હિસાબો નિયમિત રાખવા સહકાર આપવા વિનંતી છે. આ સિવાય અધુરાશવાળી બાબતો પેન્ડીંગ રહેવા કે ન છપાવવા સંભવ છે.

જ્ઞાતિના દરેક મહાજનો અને સંસ્થાઓને વિનંતી છે કે જ્ઞાતિને સ્પર્શતી બાબતોના દરેક સમાચાર ટૂંકમાં મુદ્દાસર નિયમિતપણે મોકલવા. સમાચાર જાણવાનો જ્ઞાતિનો હક્ક છે અને એ સમાચાર મોકલવાની દરેકની ફરજ બને છે. આ ઉપરાંત જ્ઞાતિજનોને ઉપયોગી માહિતી, લેખ, ચર્ચાપત્ર, કાવ્ય અને આપના મંતવ્ય-સુચનો જરૂર મોકલવા. દરેક માહિતી તેની અગત્યતા મુજબ સમય અનુકુળતાએ યોગ્યત: છપાશે.

પ્રકાશિત થયેલ બાબતમાં ક્યાં કોઈ શરતચુક-ભુલો હોય તો સુધારા લેખિતમાં મોકલવા. આપના સુચના આવકાર્ય છે.

# હાર્દિક અભિનંદન



**ગૌતમ અભયચંદ દંડ**
**(અંધેરી-છાડુરા)**

શ્રી ગૌતમ અભયચંદ દંડ Ph.D in Electronics & Tele Communicationની પરીક્ષામાં ઉર્તીણ થઈ પરિવારનું ગૌરવ વધારેલ છે. આ જ્વલંત સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં સફળતાના ઉચ્ચતમ શિખરો સર કરી ઝળહળતી કારકિર્દીના નવા સોપાનો સર કરો એવા અંતરના આશિષ સહ શુભકામનાઓ...

**✻ શુભ આશિષ ✻**

**સૌ. મૃદુલા અભયચંદ ગોવિંદજી શાહ પરિવાર** (ધુલીયા-છાડુરા)
**અને**
**સૌ. મધુરીકા જેઠાલાલ આણંદજી નાગડા પરિવાર** (અંધેરી-વારાપધર) સમસ્ત પરિવાર

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાસ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**



**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |



**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**



નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


# જૈન ધર્મ : અનુપમ નારી ચરિત્રો

પ્રથમ તીર્થંકર ઋષભદેવની પુત્રી **બ્રાહ્મી** વ્યાકરણ, ન્યાય, અક્ષરજ્ઞાન અને સાહિત્ય આદિમાં પારંગત હતી, આથી એણે બ્રાહ્મી લિપિનો પ્રારંભ કર્યો. આજની હિંદીની નાગરી લિપિનો આવિષ્કાર આ બ્રાહ્મી લિપિમાંથી થયો છે. એ સમયે બ્રાહ્મી લિપિ અને ખરોષ્ટિ લિપિ એમ બે લિપિ પ્રચલિત હતી, પરતું બ્રાહ્મી લિપિ ભારતવર્ષમાં પ્રચલિત બની અને જૈન આગમગ્રંથમાં બ્રાહ્મી લિપિનો અતિ આદરપૂર્વક ઉલ્લેખ મળે છે. "શ્રી ભગવતી સૂત્ર"માં પણ અને આદરપૂર્વક નમસ્કાર કરવામાં પણ આવ્યા છે. આવી પિસ્તાલીસ મૂળાક્ષરો ધરાવતી બ્રાહ્મી લિપિ આજે અમદાવાદ નજીક કોબામાં આવેલા શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી જ્ઞાનમંદિરના પ્રદર્શનમાં મૂકવામાં આવી છે.

ઋષભદેવની બીજી પુત્રી **સુંદરી** ગણિતવિદ્યામાં પારંગત હતી અને આજનું ગણિત એ સુંદરીનાં ગણિતશાસ્ત્રનું વિકસિત રૂપ છે એમ માનવામાં આવે છે. પૃથ્વીના છેક આદિ કાળથી જૈન ધર્મમાં સ્ત્રીને ગૌરવભર્યું સ્થાન મળ્યું છે. માતા મરુદેવા, બ્રાહ્મી કે સુંદરી જેવી નારીપ્રતિષ્ઠા આજ સુધી જૈન ધર્મમાં જોવા મળે છે. અન્ય કોઈપણ ધર્મે સ્ત્રીને સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થાન આપ્યું નથી. શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે તીર્થંકર મલ્લિનાથ એ મલ્લિકુમારી હતા. ચંદનબાળા એ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્યા બન્યા, એટલું જ નહીં પણ શ્રમણી સંઘના પ્રવર્તિની બન્યા, જ્યારે સાધ્વી મૃગાવતીનો ઉલ્લેખ હિંદુ, બૌદ્ધ અને જૈન ત્રણેય ધર્મોમાં મળે છે અને જૈન ધર્મની સોળ સતીઓમાં સ્થાન ધરાવતી સાધ્વી મૃગાવતીએ અને સાધ્વી મદનરેખાએ યુદ્ધ અટકાવ્યું છે. ઈતિહાસમાં સ્ત્રીઓએ યુદ્ધ અટકાવ્યાંનાં ઉદાહરણો કેટલાં? જ્યારે કુમારગિરિ પર્વત પર દક્ષિણ ભારતના સમર્થ રાજવી રાજા ખારવેલે "દ્વિતીય આગમ વાચના પરિષદ"નું આયોજન કર્યું, ત્યારે ૩૦૦ સાધ્વીઓનું નેતૃત્વ કરતી સાધ્વી પોઈણીએ એની પ્રચંડ વિદ્વત્તાથી આગવો પ્રભાવ પાડયો હતો. આચાર્ય હરિભદ્રસૂરી પોતાને સાધ્વી "યાકિની મહત્તરાના પુત્ર" તરીકે ઓળખાવવામાં ગૌરવ માને છે. હેમચંદ્રાચાર્યના માતા સાધ્વી પાહિનીદેવી કાળધર્મ પામ્યા, ત્યારે શ્રાવકોએ પુણ્યકાર્યમાં ત્રણ કરોડ ખર્ચ્યા.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે વિચાર્યું કે વિતરાગ ધર્મનો આચાર્ય શું આપે? એમણે ત્રણ લાખ શ્લોકનું પુણ્ય આપ્યું. ગુજરાતના માતર તીર્થનું જિનાલય એ સાધ્વી ધર્મલક્ષ્મીની પ્રતિમા ધરાવતું તીર્થ છે. એ ૧૧ વર્ષની ઉંમરે સાતસો સાધ્વીની પ્રવર્તિની બની હતી અને મહત્તરાનું પદ પામી હતી. જ્યારે રેવતી નામની શ્રાવિકા આવતી ચોવીસીમાં સમાધિ નામના ૧૭મા તીર્થંકર તરીકે અને સુલસા નામની શ્રાવિકા આવતી ચોવીસીમાં નિર્મમ નામના પંદરમા તીર્થંકર તરીકે આવશે. આબુ પર જગવિખ્યાત જિનાલયો સર્જનાર અનુપમાદેવી, ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછનારી અગિયાર અંગ સુધી અભ્યાસ કરી ખૂબ તપ દ્વારા મોક્ષ પામનારી જયંતિ શ્રાવિકા, ઉત્કૃષ્ટ તપ કરનારી ચંપા શ્રાવિકા અને વર્તમાન સમયમાં ગંગામા અને હરકુંવર શેઠાણી જેવી જૈન શ્રાવિકાઓની જ્વલંત ધર્મસેવા અને સમાજસેવાના અનેક દષ્ટાંતો જૈન ઈતિહાસમાં મોજુદ છે.

*- ડો. કુમારપાલ દેસાઈ ("પ્રબુદ્ધ જીવન"માંથી સાભાર)*

## ધર્મ-પ્રકાશ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું – રમણલાલ ચી. શાહ

જગતના તમામ જીવોમાં રહેલો આત્મા શુદ્ધ આત્મતત્ત્વની દષ્ટિએ સમાન છે. પરંતુ ધારણ કરેલા દેહની દષ્ટિએ બધા જીવો એકસરખા નથી. ઈન્દ્રિયો અને ચિત્તના વિકાસની દષ્ટિએ જીવોનું વર્ગીકરણ કરવામાં આવે છે. સમગ્ર જીવસૃષ્ટિમાં મનુષ્ય સર્વોપરી છે. પરંતુ બધા મનુષ્યો બાહ્ય તથા અભ્યંતર જીવનની દષ્ટિએ એકસરખા નથી. પાળેલાં પશુ કરતાં પણ બદતર જીવન જીવતાં માણસો આપણને સંસારમાં જોવા મળે છે. બીજી બાજુ આત્માની અનુપમ શક્તિને વિકસાવી જીવનને એક ઊંચા આદર્શ સુધી પહોંચાડનારા મહાત્માઓ પણ જોવા મળે છે. શિક્ષક તરીકે, અર્થશાસ્ત્રી તરીકે, સમાજસેવક તરીકે, રમતવીર તરીકે, ફિલ્મ અભિનેતા તરીકે, રાજદારી વ્યકિત તરીકે, ધર્માચાર્ય તરીકે; એમ પોપોતાનાં ક્ષેત્રની દષ્ટિએ ઘણું સફળ જીવન કેટલાકનું હોય છે. કેટલાકની લૌકિક સિદ્ધિઓ મહાન હોય છે. તો કેટલાકની આધ્યાત્મિક સિદ્ધિઓ. વળી કોઇક વિરલ મહાત્માઓની લૌકિક અને આધ્યાત્મિક એમ ઉભય પ્રકારની સિદ્ધિઓ મહાન હોય છે. ઉચ્ચતર કે ઉચ્ચતમ આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર મહાનુભાવો માટે પણ સંત મહંત, ધર્માચાર્ય, અધ્યાત્મયોગી, સિદ્ધપુરુષ, જગદ્‌ગુરૂ અવતાર, ભગવાન, તીર્થંકર એવી જુદી જુદી કક્ષા, જુદા જુદા ધર્મના દષ્ટિકોણથી કરી શકાય છે. જૈન ધર્મની માન્યતા અનુસાર જીવનો આધ્યાત્મિક દષ્ટિએ પરમ કોટિનો વિકાસ તે અરિહંતનો, અર્થાત્ તીર્થંકરનો છે. સંસારસાગરમાંથી જે પોતે તરે અને સંસારના અનેક લોકોને તારે એવા તીર્થંકરનાં વિવિધ ગુણલક્ષણો "અતિશયો" દર્શાવવામાં આવે છે. જૈનોના ચોવીસ તીર્થંકરોમાંના ચરમ તીર્થંકર તે ભગવાન મહાવીર છે. અઢી હજારથી વધુ વર્ષ પૂર્વે તેઓ નિર્વાણ પામ્યા. ભગવાન બુદ્ધના પૂર્વ સમકાલીન એવા ભગવાન મહાવીરે જે બોધ માનવજાતના કલ્યાણ માટે આપ્યો તેમાંનો કેટલોક જૈન આગમ-ગ્રંથોમાં સચવાયેલો આપણને સાંપડે છે.

જૈન માન્યતા પ્રમાણે તીર્થંકર પરમાત્મા કોઈ ગ્રંથ લખે નહિ. પરંતુ જે ઉપદેશ આપે તેને એમના ગણધરો-મુખ્ય શિષ્યો શબ્દબદ્ધ કરી લે. લગભગ સાડા બાર વર્ષ દરમિયાન ભગવાન મહાવીરે રાજકુટુંબના વૈભવનો સ્વેચ્છાએ ત્યાગ કરી. વસ્ત્ર કે પાત્ર સુધ્ધાં છોડી દઈ, એક સ્થળેથી અન્ય સ્થળે વિચરતાં જઈ, નિ:સંગ બની, ઘણુંખરું મૌન અને ધ્યાનમાં રહી સતત તપશ્ચર્યા કરી. તેને પરિણામે જીવ અને જગતના કલ્યાણને માટે જે અમોઘ સત્ય એમને લાધ્યું તે જગતને ચરણે એમણે ધર્યું.

એમણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - એ પાંચ મહાવ્રતોને જીવનમાં આચરવા માટે અને અનેકાંતવાદને જીવનમાં ઉતારવા માટે નવી દષ્ટિ આપી. જે કોઈ વ્યક્તિ પ્રામાણિકપણે સંનિષ્ઠાપૂર્વક આત્માની તમામ શક્તિઓને ખીલવીને જીવનમાં જો આ વ્રતો અને દષ્ટિને ઉતારે તો તેનું જીવન ધન્ય અને સફળ થઈ જાય. તેનો પ્રભાવ આસપાસના જીવન પર પડે. કુટુંબ, સમાજ, રાષ્ટ્ર ને વિશ્વમાં શાંતિ ને સંવાદિતતા સ્થપાય અને સમગ્ર જગત સુખનો અનુભવ કરે. આ તત્ત્વોમાં અહિંસાને એમણે સર્વોપરી સ્થાન આપ્યું. વસ્તુતઃ ઠેઠ ભગવાન ઋષભદેવના સમયથી અહિંસાને સર્વોપરી સ્થાન અપાતું આવ્યું છે, પરંતુ ભગવાન મહાવીરસ્વામીના સમયમાં યજ્ઞોમાં થતી મોટા પાયા પરની પશુહિંસાને કારણે ભગાવન મહાવીરનો ઉપદેશ સવિશેષ ધ્યાનાર્હ બન્યો હતો. અહિંસાની વાત કરતાં એમણે સાદો, પરંતુ હૃદયમાં તરત વસી જાય એવો તર્ક રજૂ કર્યો કે, બધા જ જીવોને જીવવું ગમે છે, કોઈને મરવું ગમતું નથી. માટે કોઈ પણ જીવની હિંસા કરવી તે મોટામાં મોટું પાપ છે. ભગવાન મહાવીરે પોતાના સમયના લોકોને તથા જગતના સામાન્ય કોટિના જીવોને લક્ષમાં રાખી, પ્રેમ કે કરુણા જેવો શબ્દ ન વાપરતાં, સૌને તરત સમજાય એવો નિષેધાત્મક શબ્દ અહિંસા વાપર્યો.

ડો. ગુણવંત શાહે એક પુસ્તમાં લખ્યું છે : "ઘડીભર વિજ્ઞાનની અધરી પરિભાષા ભૂલી જઈને ય આટલું કહી શકાય કે અહિંસાને અત્યંત સૂક્ષ્મ, વૈશ્વિક અને વૈજ્ઞાનિક સંદર્ભમાં સમજવાના દિવસો આવી રહ્યા છે." વિશ્વનિર્મિતિનું દિવ્યગુંજન નામના પ્રકરણમાં ગુણવંતભાઈ લખે છે :

"એમાં કીડીની ચેતનાનો સ્વીકાર છે અને કીડીની ચેતનાને નિમિત્તે વિશ્વની વ્યાપક ચેતનાનું અભિવાદન છે. મહાવીરે આવા સ્થૂળ અને સૂક્ષ્મ, વ્યાપક અને ઊંડા, ભૌતિક અને ચૈતસિક અભિવાદનનો મહિમા અઢી હજાર વર્ષ, પહેલાં કર્યો. અહિંસાનું આવું વિજ્ઞાન પ્રચલિત કરવાનું લોકો સુધી પહોંચાડવાનું કામ એમણે કર્યું.

અહિંસાને વિજ્ઞાનનો દરજ્જો પ્રાપ્ત થયો. એમાં મહાવીરનું પ્રદાન અનન્ય ગણાય. અહિંસાને જૈન ધર્મમાં "પરમ ધર્મ" કહ્યો તેને આવા વિશાળ સંદર્ભમાં ન જોઈએ તો અહિંસાની સંકલ્પનાને ન સમજવા બરાબર છે. આજે પણ જૈન સાધુઓનો પ્રયત્ન એવી રીતે જીવવાનો હોય છે, જેથી વિશ્વનિર્મિતિમાં ઓછામાં ઓછી ખલેલ પડે અને ગુંજનનો લય ખોરવાય નહીં. પ્રદૂષણને કારણે, ઘોંઘાટને કારણે, યુદ્ધને કારણે અને પરિગ્રહને કારણે લય ખોરવાય છે. સાચો જૈન આવું ન બને તેની સતત તકેદારી રાખીને જીવવા મથે છે. જીવમાત્રના જીવનના હકનો આવો સ્વીકાર એ જૈન દર્શનની મૌલિકતા છે. જગતના બીજા કોઈ ધર્મે આવા સ્વીકારને "પરમ ધર્મ"નો દરજ્જો આપ્યો નથી."

જૈનોનું પ્રિય સૂત્ર છે : ***જૈન જયતિ શાસનમ્*** છે.

આ જ રીતે બૌદ્ધ વિચારધારામાં બુદ્ધનું અનુશાસન જાણીતું છે. સામાન્ય રીતે શાસન સાથે ભય, તાણ, હિંસા, બળજબરી અને યુદ્ધ આપોઆપ ચાલ્યાં આવતાં હોય છે. મહાવીર અને બુદ્ધનું શાસન આવું ચીલાચાલુ હોઈ શકે ખરું? તો પછી જિનશાસનનાં લક્ષણો કેવાં હોઈ શકે? એ શાસન એટલે પ્રેમનું, કરુણાનું અને અહિંસાનું શાસન. આવું અનોખું શાસન જ આજની દુનિયાના ઘા રૂઝવી શકે અને દાઝેલા જીવોને ચંદનલેપની શીતળતાનો અનુભવ કરાવી શકે. આવા શાસનમાં શાસકો કોણ હોય? આવું શાસન કરનારાઓ જો રાજાઓ, પ્રધાનો કે રાજકારણીઓ જ હોય તો તો થઈ રહ્યું! પ્રેમ, કરુણા અને અહિંસાનું શાસન એટલે અર્હંતોનું, સિદ્ધોનું, આચાર્યોનું, ઉપાધ્યાયોનું અને સર્વ સાધુઓનું શાસન.

જૈનો રોજરોજ નવકારમંત્રનો જે પાઠ કરે છે તેમાં આ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર છે. ત્રણ જગતના ત્રણે કાળના ઉત્તમ આત્માઓને કરાતો આ નમસ્કાર પાપનાશક અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ મનાય છે.

ઐહિક અને પારમાર્થિક, લૌકિક અને પારલૌકિક જીવનને સફળ અને સાર્થક બનાવવા માટે ભગવાન મહાવીરે ઉપદેશેલો ધર્મ, વર્ણ અને જાતિના ભેદો ઓળંગી, સ્થળ અને કાળની મર્યાદાઓ વટાવી આપણા સુધી આવી પહોંચ્યો છે. એ આપણું પરમ સદ્‌ભાગ્ય છે. ***(સંકલિત)***


સ્થાપના : સંવત ૨૦૦૪ ।। શ્રી ભલારાદાદાય નમઃ ।।

।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

**શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ**

કોઠારા-કચ્છ, તા. અબડાસા, પીન - ૩૭૦ ૬૪૫.

**મુંબઈ ઓફીસ :** ૩૧૩/૭૦૨, આનંદ લોક, રામ નારાયણ નારકર રોડ, પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭. **મો. : ૯૩૨૩૨૨૭૨૩૫**

**સુજ્ઞ ભાઈઓ તથા બહેનો,**

**!! મિચ્છામી દુક્કડમ્ !!**

**શ્રી મંડળ આયોજીત**
**રવિવાર તા. ૦૯-૦૯-૨૦૧૨ ના**
**સામુહિક ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય,**
**તપસ્વી ભાઈ-બહેનોનું બહુમાન અને**
**શૈક્ષણિક સન્માન સમારંભ**
**તથા મનોરંજન કાર્યક્રમ**

**મુલતવી રાખવામાં આવેલ છે.**

**લી. શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ**
**મંત્રીઓ**


## ભાવભરી શ્રધ્ધાંજલી



**શ્રી કિશોરભાઈ શીવજી મોતા**
(લાલા-મુલુંડ)

સત્કાર્યોમાં વીતાવ્યું જીવન, હંમેશા સંઘ-સમાજના વિચાર કરતું મન,
સહજ પણે આણ્યા ઘણા પરિવર્તન, તમારુ જીવન મરણ બન્ને ધન્ય ધન્ય.

શોકાતુર

*માતુશ્રી કસ્તુરબાઈ નરોત્તમલાલ મેઘજી ઘરમશી જખૌ/ગદગ* — *શ્રી રમેશ ગંગાજર લોડાયા તેરા/હુબલી*

*માતુશ્રી દિવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા જખૌ/ઘાટકોપર* — *ગં.સ્વ. જ્યોતીબેન જયંત લોડાયા સાંયરા/હુબલી*

# મૈત્રીનો માંડવો મુરઝાયો

## સહૃદયી મિત્રની અલવિદાનો આઘાત



કચ્છ - લાલા

મુંબઈ - મુલુંડ

# શ્રી કિશોર શીવજી મોતા, ઉ.વ.૫૭

દેહધારણ : ૦૭-૧૦-૧૯૫૫ • અરિહંતશરણ : ૨૩.૦૮-૨૦૧૨

યુવાનીથી જ જિન શાશનના કાર્યોમાં ઝંપલાવી
છેલ્લા શ્વાસ સુધી ધર્મના કાર્યોમાં આગેવાની લીધી હતી.
ધર્માનુરાગી મિત્ર ગુમાવી અમો જીવનમાં ખાલીપાનો અનુભવ કરી રહ્યા છીએ.

હે પરમાત્મા...
સાચુકલા, ઝિંદાદિલ, આ માનવમિત્રને... તેં અમથી ઝૂંટવી લીધો !
તારા દરબારમાં છે ખોટ માનવરત્નની... કીર્તિરત્ન ને લૂંટી લીધો !

પરમાત્મા એ આત્માને ત્વરીત પરમગતિ આપે એવી પ્રાર્થના.

| | | | |
|---|---|---|---|
| નવીન કાનજી વોરા | નારાણપુર | પદમશી હીરજી ગડા | મંજલ રેલડીયા |
| દિનેશ હેમરાજ વિસરીયા | કોટડા રોહા | ખેતાન ચાંપશી છેડા | ડુમરા |
| રાહુલ મેઘજી ધુલ્લા | સુથરી | લહેરચંદ લાલજી સોની | સુથરી |
| ગિરીશ ભવાનજી ગડા | રાયધણજર | અમીષ રસીકભાઈ નાગડા | સાભરાઈ |
| દર્શન નેમજી વોરા | નારાણપુર | સતીષ કાંતિલાલ ગાલા | નવીનાર |
| જેઠાલાલ લાલજી વોરા | વરંડી | વલ્લભજી દેવરાજ દેઢિયા | કોટડી |

રસીક દેવરાજ લોડાયા (સાંધવ)

## પાસ થયા – હાર્દિક અભિનંદન !

|  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|
| દિશા કુમાર છેડા | પ્રતિક કિશોર મોતા | અક્ષત રાજેશ છેડા | અનિરુદ્ધ મુકુલેશ મેઘાણી | સંયમ કમલેશ નાગડા | ઉદય રમેશ દંડ |
| (મુલુન્ડ) | (ચેન્નઈ) | (ઇંદોર) | (મુંબઈ) | (મુલુન્ડ) | (અમરાવતી) |
| SSC - 90% | CBSE (X) CGPA 8.4 | HSC - 71.4% | C.A. | SSC - 85.45% | B.E. (Mech) - 75% |


K. Dixit
રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.
કૌશિક રાયચંદ શાહ (પટેલ) – સાંધાણ
982045 7676
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E),
Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in


### સુધારો

પ્ર.સ.અંક નં.૩૧માં પાના નં.૮ ઉપર "જીવનસંધ્યા-ગદગ."ની જા.ખ.માં રૂા.એક લાખ નિભાવફંડ દાનમાં શ્રીમતિ રીટાબેન ઠાકરશી લોડાયા બદલે શ્રી ઠાકરશી નાગશી લોડાયા (જખૌ-મુલુન્ડ) ના સ્મરણાર્થે હ.શ્રી. મણીકાંત ઠાકરશી લોડાયા એમ વાંચવું.

### અગત્યની સુચના

જ્ઞાતિજનોને વિનંતી છે કે, આપના પરિવારમાં જન્મ, સગપણ, લગ્ન કે મરણની નોંધ અને સરનામા-ફોન ફેરબદલ સ્થાનિકે મહાજનશ્રીના દફ્તરે નોંધાવવા અને તેમના માધ્યમે પ્ર.સ.માં પ્રકાશિત કરવા મોકલવા.

## પાસ થયા અભિનંદન !



**ચિ. ઉદય રમેશ દંડ** (લાલા-અમરાવતી)

B.E. (Mechanical)માં ૭૫% મેળવીને Distinctionમાં ઉત્તીર્ણ થયેલ છે. હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર વધુ સફળતાની શુભેચ્છા....

**~ શુભાશિષ ~**

| | |
|---|---|
| દાદાણાં | : સ્વ. લક્ષ્મીબાઈ માણંકજી દંડ |
| નાનાણાં | : સ્વ. ચંદનબાઈ ખીમજી નાગડા |
| મોટા મમ્મી | : ગં.સ્વ.લક્ષ્મીબાઈ ઉત્તમચંદ દંડ |
| મોટા મમ્મી-પપ્પા | : સૌ. લતા મણીકાંત દંડ |
| મમ્મી-પપ્પા | : સૌ. કુમુદ રમેશ દંડ |
| ફઈ-ફૂઆ | : ગં.સ્વ.વિજ્યા ગિરીશચંદ નાગડા |
| – " – | સૌ. વંદના વિરેશ મોમાયા |
| – " – | સૌ. વિમલા હિરાચંદ ઘરમશી |
| બેન-બેનવી | : સૌ. ચેતના વિરેન મૈશેરી |
| – " – | સૌ. નિતા મેહુલ મોતા |
| – " – | સૌ. અમિતા ભાવેશ પોલડીયા |
| ભાઈ-બહેન | : રાકેશ અને દિપીકા મણીકાંત દંડ |

## હાર્દિક અભિનંદન !



**અનિરુધ્ધ મુકુલેશ મેઘાણી (ખોના)**

(રંગપુર) ઉંમર ૨૨

અમારા લાડકવાયા અનિરુધ્ધે પોતાની મેહનતથી પ્રથમ પ્રયાસે સમગ્ર ભારતમાં P.C.C.માં 44th Rank (2010) અને C.A. Finalમાં 31st Rank (2012) મેળવી પરિવારનું તેમજ જ્ઞાતિનું નામ રોશન કર્યું છે. તે બદલ હાર્દિક અભિનંદન. હાલ Larson & Toubro Ltd., Powai H.E.D. (Accounts Dept.)માં કાર્યરત છે.

**~ શુભાશિષ ~**

| | |
|---|---|
| દાદીમા | : નિર્મળાબેન લક્ષ્મીચંદ મેપાણી |
| મમ્મી | : લતા મુકુલેશ મેઘાણી |
| બેન | : પૂજા દિક્ષીત શાહ |
| નાનીમા | : ચંપાબેન રાયચંદ લોડાયા (ગોરખડી) |

# SHRI KDO JAIN PASCHIM EKKAM

Reg. Office : Mahendra Meghji Momaya - President
"Amit" 5- Parsana Nagar, B/h. Junktion, Rajkot - 360 001. Ph. 0281 2444703 M. 0 90997 00444.
Email : momayamm@gmail.com

સરક્યુલર નં. ૫/૧૨ ૨૭-૦૮-૨૦૧૨

જયજિનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની આગામી જનરલ મીટીંગ **તા.૨૩-૦૯-૧૨ ને રવિવારે** સવારના ૧૦-૩૦ કલાકે નીચેના એડ્રેસ પર રાખવામાં આવી છે.

માતુશ્રી રતનબેન કાન્તીલાલ શાહ કે.ડી.ઓ. ભવન, સરસ્વતી નગર સોસાયટી, હરણી વારસીયા રીંગ રોડ,વડોદરા. ફોન ૦૨૬૫-૨૫૩૧૭૦૦

**મીટીંગની કાર્યસુચી (એજન્ડા)**

૧. એકમની ૨૫-૦૯-૨૦૧૧ ની જનરલ મીટીંગ ની મીનીટ્સ વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.
૨. એકમના ૩૧-૩-૨૦૧૨ ના રોજ પુરા તથા વર્ષના ઓડીટેડ હિસાબ -કિતાબ.
૩. એકમના ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટે અંદાજીત બજેટ .
૪. એકમના ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવા બાબત.
૫. એકમના ૨૦૧૨ - ૧૪ ના વર્ષ માટે નવી કારોબારી ની રચના.
૬. પ્રમુખશ્રી અથવા પ્રમુખશ્રીની અનુમતીથી જે કાંઈ રજુઆત થાય તેના પર ચર્ચા- વિચારણા કરવા બાબત.

નોંધ-(૧)કોરમના અભાવે જો મીટીંગ મુલ્તવી રાખવી પડે તો ઉપરોકત સ્થાને ૩૦ મીનીટ પછી કોરમનો બાધ લીધા વગર મીટીંગની કાર્યવાહી કરવામાં આવશે.(૨) ફકત તા. ૩૦-૮-૨૦૧૨ સુધી નોંધાયેલા એકમના સભ્યો માટે પ્રવેશ, સભ્યોને માત્ર પ્રકાશ સમીક્ષાના માધ્યમથી જાણ કરવામાં આવે છે, વ્યક્તિગત નોટીસ મોકલવામાં આવશે નહી.

લિ. શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ વતી સેક્રેટરી મુકેશ માણેકજી લોડાયા (વડોદરા)

**પ.પૂ.ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. આદી ઠાણા 2 નો વડોદરા વીમલનાથજી નુતન જિનાલય -કેડીઓ ઉપાશ્રયે ચાર્તુમાસ બીરાજમાન છે. દર્શન -લાભ લેવા વિનંતી**


# SHRI ARIHANT CO-OPERATIVE BANK LTD.

Estd.1984

**Head Office:** GB 10A & 10B, Karma Stambh Ind Estate,Opp. Kailash Comm Complex, L.B.S. Marg ,Vikhroli (W),Mumbai-400083. • Website:www.arihantbank.com
**H.O. :** Tel:25799326 • Fax : 025799323 • Email:acblho@arihantbank.com
**Branches:** Bhandup -25954422 •Mulund-25647157 • Ghatkopar-25015820 • Chinch Bunder-23478134 • Mohili Village(Asalfa)-25023778 • Dombivli(E)-0251 -2445809 • APMC Vashi-27849430 • Thane-25437977

**ખાતાધારકો ધ્યાનમાં રાખો**

અરિહંત બેંક ટુંક સમયમાં આઉટવર્ડ (outward) ક્લીયરીંગ પ્રોસેસીંગ પોતાના Centralised Cell (સેલ) થાણાથી શરૂઆત કરશે. હાલ ત્યાંથી સંપૂર્ણ બેંકની ઇનર્વડ (Inward) ક્લીયરીંગ પ્રોસેસીંગ સફળતાપૂર્વક કાર્યરત છે.

આપના ખાતાની બેલેન્સ (Balance) ધ્યાનમાં રાખી, આપના ખાતામાંથી ચેક issue કરવા (આપવા) ગ્રાહકોને આગ્રહભરી વિનંતી.

**એમ.સી. શેટ્ટી**
(સી.ઈ.ઓ.)

તા.૨૯-૮-૨૦૧૨

તમારું અલગ વ્યક્તિત્વ, અલગ તમારી કાર્યપદ્ધતિ...
પ્રભુને પ્રાર્થના કરીએ...અરિહંત શરણે મળે સદ્‌ગતિ....

# હૃદયાંજલી



## સ્વ. શ્રી કિશોર શિવજી મોતા

(ઉ. વ. ૫૭)

કચ્છ – લાલા     મુંબઈ – મુલુંડ

જન્મ : તા. ૭-૧૦-૧૯૫૫

અરિહંત શરણ : તા. ૨૩-૦૮-૨૦૧૨

: જયેષ્ઠ ઉપ-પ્રમુખ :

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ - મુંબઈ

ભલે હયાતી નથી આપની હવે આ જગતમાં,
સિતારાની જેમ ચમકશો, સદાય તમે ગગનમાં.

લી.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ - મુંબઈ


પ્રમુખ : વિરાટ સેવંતીલાલ શાહ

ઉપ્રમુખ : બકુલ ઉમરશી ગંગર

માનદ મંત્રી : તલકશી ચનાભાઈ ગાલા, કલ્પેશ માણેકજી મોતા, પ્રકાશચંદ્રજી નેમીચંદજી સીંધવી, નરેન્દ્ર દૌલતલાલ શાહ

ટ્રસ્ટી : વીરાટ સેવંતીલાલ શાહ, બકુલ ઉમરશી ગંગર, રાજેન્દ્ર મણીલાલ ખોના
બંસીલાલ માણેકમલજી જૈન, જીતેન્દ્ર જયંતીલાલ છેડા, તલકશી ચનાભાઈ ગાલા
વિનોદ ખીમજી ગંગર, શ્યામ નેણશી વોરા, કિર્તી પદમશી લોડાયા
મુકેશ દામજી મૈશેરી, બંસીધર નેતમલજી બોહરા, અનીલકુમાર ગૌતમચંદજી શેઠ
નરેન્દ્ર દૌલતલાલ શાહ

વ્યવસ્થાપક કમીટી એન્ડ સ્ટાફ

# પર્યુષણ પર્વમાં તપસ્વી યાદી – ૨૦૧૨

**ધન્ય આપની તપોભાવના–અહોભાવે કરીએ અનુમોદના...**

*(અઠ્ઠાઈ અને તેથી ઉપરની તપસ્યા કરનાઓએ પોતાનું પૂરૂં નામ અને હાલનું ગામ લખી મોકલવું)*

### નાંદેડ

નેહા દિપક લાપસીયા .................. ૧૬
રેખા દિપક નાગડા .......................... ૯
પલ્લવી રૂપેશ જીવાણી ..................... ૯

### જખૌ

કાંતાબાઈ જીવરાજ મૈશેરી ............... ૮
હીરલ ગીતેન ઘરમશી ..................... ૮

### ખામગામ

અક્ષય અનિલ વિકમશી .................. ૮
કુ. નેહા ઉપેન્દ્ર મોમાયા .................. ૮
કુ. સુરભી પ્રમોદ શાહ ..................... ૮

### સાંધવ

અનીતા જેઠાલાલ દંડ ................. ૩૦
નિખીલ ગોવિંદજી પટેલ .................. ૮
હીરાચંદ કુંવરજી કુરૂવા .................... ૮
શ્રીમતી હીરાવંતી હીરાચંદ ખોના ........... ૮
શ્રીમતી જયશ્રી જવેરચંદ ખોના ...........
શ્રીમતી રીટાબેન ભરત મોતા ............ ૮
શ્રીમતી જયશ્રીબેન લક્ષ્મીચંદ લોડાયા .... ૮
સરલાબેન રમેશ ઘરમશી .................. ૮
શ્રીમતી વર્ષાબેન ખીમજી દંડ ........... ૮
કોમલ હંસરાજ ઘરમશી .................. ૮
શ્રીમતી લક્ષ્મીબેન ખોના ................. ૮

### ભાંડુપ

રમીલાબેન મોહનલાલ સોની ......... ૧૬
નિકુંજ પ્રફુલ નાગડા ...................... ૮
કિરણ નારાણજી મોમાયા ................. ૮
ભાવેશ વિજય નાગડા ..................... ૮
હેતલ મણીલાલ ખોના ..................... ૮
નિલમ જયેશ સોની ........................ ૮
હિરાચંદ કેશવજી લોડાયા .................. ૮
ઉષ્મા અભય ડાઘા .......................... ૮
નિલેશ દામજી દંડ .......................... ૮
મુકુંદ મણીલાલ મોમાયા .................. ૮
નુતન જાધવ ................................. ૮
સૌરભ ભરત ઠક્કર ........................ ૮
ભાવેશ દામજી લોડાયા .................... ૮
કુ. હિતીક્ષા હરીશ નાગડા ................ ૮
સૌ. રતનબેન તીલક મૈશેરી .............. ૮

### કાંજુરમાર્ગ

કુણાલ જયેશ નાગડા ...................... ૮
પ્રિતી નિરેન લોડાયા ....................... ૮
સોનબાઈ મેઘજી ગોસર ................... ૮

### ગોએરસમા/બારોઈ

બિરલ ચંદ્રકાંત ગોસર .................. ૧૬
ભવાનજી ખીમજી ગોસર .................. ૮
વિષ્ણુ વિરેન મોનાણી ...................... ૮
સૌ. હર્ષા પ્રકાશ નાગડા ................... ૮
શ્રી વિરેનભાઈ મોનાણી .........વરસીતપ

### નાગપૂર

નરેન્દ્ર મેઘજી પોલડીયા .................... ૮
કુ. નિધિ પ્રફુલ પોલડીયા .................. ૮

## ભાવાંજલી

**સ્નેહથી જાળવ્યા સૌની સાથે સંબંધ,**
**યાદો છે સૌના હૈયે અકબંધ...**



### શ્રી કિશોરભાઈ શીવજી મોતા

(લાલા-મુલુંડ)

સતત વહેતી ધર્મ ભાવના,
સતત છલકાતી સંઘ ભાવના,
ચૌતરફ ફેલાઈ તમારી નામના,
તમારા જેવા થવાની કરીએ કામના...

✦ લી. ✦
**વાવાલાપરા**
વાંકુ, વારાપધર, લાલા, પરજાઉ, રાપર.
(કચ્છ અબડાસાની નાની પંચતિર્થી)

## શ્રધ્ધા સુમન



### શ્રી કિશોરભાઈ શીવજી મોતા

(લાલા-મુલુંડ)

ધુપસળી ની જેમ ચૌમરે સુગંધ ફેલાવી ગયા,
સત્કાર્યો દ્વારા સદાય અમારે હૈયે છવાઈ ગયા.

પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આર્પે એજ પ્રાર્થના

✦ લી. ✦

શા. ટોકરશી આણંદજી લાલકા પરિવાર (લાલા)
શા. ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ પરિવાર (લાલા)
શા. ગોવિંદજી જીવરાજ લાલકા પરિવાર (લાલા)
શા. દામજી ખીંયશી મૈશેરી પરિવાર (લાલા)

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

# શ્રી સાંયરાવાસીઓને નમ્ર અપીલ

આ વર્ષે કચ્છ તથા અબડાસા તાલુકામાં વરસાદ નથી અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ પેદા થયેલ છે. આપણાં મહામુલા પશુધનને બચાવવા માટે **સાંયરાવાસીઓને** અપીલ કરવામાં આવે છે કે આપશ્રી ઉદાર હાથે ઘાસચારા માટે ફાળો આપશો.. આપણાં ગામના સ્થાનિક લોકોએ રૂા.૧,૧૫,૦૦૦/- નો અમૂલ્ય ફાળો આપેલ છે. **શ્રી ભદ્રેશભાઈ**ના SMSનો મુંબઈ તથા બહારગામના લોકોએ સારો આવકાર આપેલ છે. નીચે પ્રમાણે ₹૨,૫૦,૦૦૦/- નો ફંડ એકત્ર થયેલ છે. આપશ્રીને ફરી વિનંતી કરવામાં આવે છે કે આ વિરાટ કાર્ય માટે તથા અબોલા જીવોને બચાવવા માટે ફંડની જરૂરીયાત હોવાથી આપશ્રી આપનો અમૂલ્ય ફાળો જરૂરથી લખાવશોજી.

## શ્રી સાંયરા દુષ્કાળ રાહત જીવદયા ફંડ-૨૦૧૨

### ₹૨૫,૦૦૦/-ના દાતાશ્રીની નામાવલી

**શ્રી રતનશી કુંવરજી લોડાયા પરિવાર** હ. માતુશ્રી દમયંતીબેન અને સુપુત્રો (ડોમ્બીવલી)

### ₹૧૨,૫૦૦/- ના દાતાશ્રીઓની નામાવલી

શ્રી. વિનોદ રાયચંદ મોમાયા - ચર્ચગેટ
શ્રી. મધુકર જવેરચંદ શાહ - માટુંગા
મા.. ભચીબાઈ પદમશી લોડાયા - મુલુંડ
મા.. સોનબાઈ મુલજી પટેલ - મુલુંડ
મા.. વસુમતી લક્ષ્મીચંદ મોમાયા હ. બિપીન - ઐરોલી
મા.. મુરબાઈ જવેરચંદ લોડાયા હ. હરીશ - રાયપુર
શ્રી. ભવાનજી હીરજી શિયાળ (જખૌ) - રાયપુર
મા.. દમયંતીબેન વાલજી લોડાયા હ. તેજસ - મુલુંડ
મા.. જયાબાઈ નવિનચંદ્ર મોમાયા હ. પંકજ - ઘાટકોપર
મા.. રમીલાબેન હીરાચંદ મોમાયા હ. પોમેશ - ઘાટકોપર
શ્રી. મોમાઈ માતાજી સાંયરા-જીવદયા ફંડ - સાંયરા/મુંબઈ
શ્રી.. વેલજી દામજી મોમાયા હ. દલેશભાઈ - ચાલીસગામ
શ્રી. પદમશી કુંવરજી લોડાયા - વાશી
શ્રી. દેવચંદ અરજણ લોડાયા - વાશી

### ₹૫,૦૦૦/-ના દાતાશ્રીઓની નામાવલી

મા.. ધનબાઈ શામજી વીરજી ખોના હ. સુપુત્રો - ઘાટકોપર
મા.. સરલાબાઈ જીવરાજ મેઘજી મોમાયા હ. તુષાર - ડોમ્બીવલી
મા.. સારબાઈ હીરજી ખોના હ. ચંદ્રકાંત - વડોદરા
મા.. મણિલાલ પદમશી લોડાયા - ભાંડુપ
શ્રી. દિનેશ પદમશી ચટ્ટાઈવાલા - મુલુંડ
શ્રી. નારાણજી નરશી ધરમશી હ. વિજય - મુલુંડ
મા.. કાંતાબાઈ મણીલાલ હંસરાજ મૈશેરી હ. કેતન - હુબલી
શ્રી. કિરણ લઘુભાઈ લોડાયા - મસ્જીદબંદર
શ્રી. સાંયરા કિટી પાર્ટી હ. વિજય - મુંબઈ
મા.. જેતબાઈ ગોવિંદજી ખીંયરાજ મોમાયા - રાયપુર

**નોંધ :** આપશ્રીનો યોગ્ય ફાળો જરૂરથી લખાવશો.. ગામમાં હાલમાં ૨૦થી વધુ પશુઓના મૃત્યુ થયેલ છે.

**સંપર્ક : શ્રી હીરાચંદ પટેલ-૯૮૭૦૩૩૬૮૨૬ ને ફાળો લખાવશો.**

-: નિવેદક :-

**શ્રી મધુકર શાહ • શ્રી ભદ્રેશ પટેલ • શ્રી શાંતિલાલ લોડાયા • શ્રી હીરાચંદ પટેલ**




## WHERE WINNING IS EVERYTHING...

### The glory and the costs of China's Olympics triumph

The performance of Chinese athletes in the Olympics since 1984, when China first participated in the Games, has been nothing short of spectacular. If we use the medal count as a yardstick, China's haul of gold, silver, and bronze in the summer Olympics has tripled between 1984 and 2008. At the London Olympics, China has once again proved its prowess in winning medals. It is widely expected to win more medals than any country except, perhaps, the sporting superpower, Team USA.

What lies behind China's Olympian success? The conventional answer might be population and money. With 1.3 billion people, China has a huge pool of talent to pick from. Rising income also contributes to a better-fed and physically stronger population. Athletes can afford state-of-the-art equipment and training. For example, Chinese swimmers today train in Australia, a country that has produced world-class swimmers. Indeed, China's rise as a sporting superpower has closely paralleled its economic ascendance.

But this explanation answers only part of the puzzle. There are other large developing countries that have achieved impressive economic growth in the last three decades, such as India, Indonesia, Vietnam, Brazil, Turkey, and many others, but none of them has outshone China in the sporting arena.

Brazil, by no means a slouch in sports, saw its Olympics medal count in the summer Games double in this period. South Korea, a fiercely competitive country that has one of the world's most successful sports programmes, increased its medals by 50 per cent between 1984 and 2008.

A more persuasive answer would point to China's state-directed athletic programme, which has one overriding objective: winning international competitions. To be sure, China did not invent this system. It has merely followed the examples of the former Soviet Union and Cuba. This system has a proven track record of producing winners. Not surprisingly, if adjusted for per capita income and size of population, the world's real sporting superpower should be North Korea. This country of 24 million people with a per capita GDP of less than $2,400 (PPP) typically wins as many medals as far bigger and wealthier nations like Turkey, South Africa and Iran in the summer Olympics. The reason for North Korea's Olympic performance is simple. Its totalitarian rulers may be starving its people, but they at the same time lavish what little money they have on a state-controlled athletic programme designed to produce Olympic medalists.

Measured in size, China's system for producing medal-winners is by far the largest and best-financed in the world.

It has 15,000 government-funded sporting schools in the country. Children with athletic talent and potential are identified at an early age and sent to these boarding

schools to be trained into future Olympians. Ye Shiwen, the 16year-old swimming prodigy at the London games, was picked when she was six and has spent a decade in the Chinese athletic training programme. Chinese divers, who have dominated the sport for two decades, start their training at a similarly tender age. Total government spending on this elite sports programme is secret. A few years ago, it was revealed that Beijing spent 20 billion yuan (about $3 billion) in preparation for the 2004 summer Olympics in Athens. Since China won 63 medals in Athens, one might say that each medal cost almost $50 million.

However, besides investing a huge fortune in its elite athletes, China has also been very strategic in picking its targets. Because the physical build of Asians differs greatly from the Caucasians and Africans, China does not waste its money on track and field, where.it has little hope-of muscling out the Europeans and Americans. Instead, Beijing focuses on more obscure sports that require years of painstaking training, shunned by athletes in wealthier societies, such as weightlifting. The most ingenious component of China's Olympics-winning strategy is to give more attention to its female athletes. As a result, China's female athletes are far more successful than their male colleagues. Of all the international championships won by China in the last 30 years, roughly 60 per cent belonged to female athletes.

Of course, this top-down strategy has its limits and costs. Despite its huge budget, the Chinese programme has been much less successful in winning medals in team sports. China's male national football team, a perennial loser, is a joke. In addition, by devoting disproportionate financial resources to a select few, China has neglected the majority of its youth. While its elite athletes train in world-class facilities, most Chinese schools have little space for sports. Based on sports facility available per person, China ranks below 100 in the world, a far cry from its current number one position in the medals tally at the London Olympics.

Another cost of this programme is that athletic triumph hides calamitous failures of public policy. While Chinese athletes breakworld records in international competitions, new - and worrying - records are being created at home. The Chinese are becoming much less healthy: roughly 85 per cent of its highschool students are near-sighted, diabetes has become an epidemic, over 200 million are overweight or obese, and 160 million suffer from high blood pressure. As a nation, China would be much better off had its government deployed the same level of attention and energy to improve its public health.

For the moment, however, this abnormality is almost certain to continue. Winning Olympic medals, like clocking the speed of economic growth, adds gloss to the image of the ruling Chinese Communist Party. The Chinese people, who may resent their government's heavy-handedness and neglect of more urgent social problems, support their athletes and understandably derive enormous national pride from their success in international competitions.

***By Minxin Pei (Courtesy : I.E.)***


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

# દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

માતૃશ્રી જવેરબેન ધનજી ધરમશી કચ્છી ભવન • ૪૪બી, ૧લો મેઈન રોડ • મીની ફોરેસ્ટની સામે
જે. પી. નગર • ૩જો ફેઝ • બેંગલોર - ૫૬૦ ૦૭૮ • ફોન : (080) 2658-6798 / 6799
Estd.1978
E-mail : dbkdo.jainekkam@yahoo.in • સંપર્ક : 09886106912 - જયચંદભાઈ

# આભાર સાથે ઋણ સ્વીકાર

**શ્રી દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાળ જૈન એકમ, બેંગલોર દ્વારા સંચાલિત**

**માતૃશ્રી જવેરબેન ધનજી ધરમશી કચ્છી ભવન માટે ૩૨૦ KVAનું જનરેટર વસાવવા**

## શ્રીમતી સુશીલા દિનેશચંદ લોડાયા

**(સાંચરા-ગદગ નિવાસી)એ રૂ.૧૮ લાખની વ્યાજરહિત લોનની રકમ પ્રદાન કરી છે**, જે બદલ તેઓનો ખૂબ-ખૂબ આભાર...

આ જનરેટરનું ઉદ્‌ઘાટન રવિવાર, તા.૦૨-૦૯-૨૦૧૨ના રોજ બપોરે ૨ વાગે કરવામાં આવશે. આ અવસરે બહારગામથી ગદગ સંઘ, હુબલી સંઘ, દાવણગેરે સંઘ તથા મલકાપુર સંઘ પરમ પૂજ્ય ગુરૂવર શ્રી દેવરત્નસાગરજી મ.સા.ને વંદન કરવા પધારશે તથા આ સંઘો ઉદ્‌ઘાટન અવસરે ઉપસ્થિત રહેશે. સર્વે જ્ઞાતિ ભાઈઓને પણ પધારવા વિનંતી. ઉદ્‌ઘાટન બાદ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે.

કચ્છી ભવનના ૧૦ (દસ) રૂમો માટેનો નકરો રૂ.૨,૫૧,૦૦૦ છે. દાતાઓ 'વહેલા તે પહેલા'ના ધોરણે આવકાર્ય છે.

એકમના ઓફિસ રૂમ માટેનો નકરો રૂ.૧૧,૦૦,૦૦૦ છે. દાતા આવકાર્ય છે.
(દાતાના નામની ગ્રેનાઈટની તકતી ઓફિસ રૂમ પર લગાડવામાં આવશે.)

ઉદારદિલ જ્ઞાતિજનોને સહયોગી બનવા નમ્ર વિનંતી.

*દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાળ જૈન એકમ વતી*

| | |
|---|---|
| ખુશાલચંદ ધનજી ધરમશી | સતીષ દેવજી મૈશેરી (શાહ) |
| પ્રમુખ | માનદ્ મંત્રી |
| મો : ૦૯૮૪૪૦-૦૨૩૦૦ | મો : ૦૯૮૪૫૦-૪૯૦૦૦ |

# ''કચ્છી કાવની સરવાણી''

(સંકલનકાર - સોમ ધરમશીં)

## કવિ તેજ - મણકો - ૧૫

### બે પંક્તિઓ નો મર્મી કવિ

## નિસર્ગ અને પ્રકૃતિનાં ગીતો

### વર્ષાઋતુ

વસંતી વૈભવ અને વન ઉપવનમાં છવાયેલા ગુલમહોરોનું કવિની કલમથી રસપાન કરી સૌના મનમાં ઉન્માદ જગાવતી વર્ષાઋતુમાં ઝરઝર ભીંજાવા સાબદા થઈયે

ગુજરાતી તેમજ અન્ય સાહિત્યમાં વર્ષા ઉપર ઘણા કાવ્યો મળે છે જેને સુગમ સંગીતમાં ઢાળી સંગીતકારોએ આપણા કાનને નવડાવ્યા છે. સૌ પ્રથમ કવિ 'તેજ'ના અનેક વર્ષા કાવ્યો માંથી પસંદ પડેલ બે થી ત્રણ કાવ્યનો ભીનો ભીનો આસ્વાદ લઈ તેમની કાવ્યશક્તિ ગુજરાતી સાહિત્યનાં વર્ષા કાવ્યો સાથે સરખાવી જોઈએ.

### મીંયડ઼ા વઠા હૂભેસ

**માડ઼ી! મીંયડ઼ા વઠા હૂભેસ...(૨)**

**ગજણું-તાં માડ઼ી ઘટમેં ગજઈયું, ખિવણું ખિવઈયું વિસેસ;**
**જડ઼િયું જીજલ જાનતેં વઠિયું, ભિજ્યા ન મુંજા વેસ. માડ઼ી!..**
**વડર વઠા માડ઼ી અૅડ઼ા વઠા, ઓગનાણા નેણેંજા નેસ;**
**રાત સજી મુંજા સિરા નીરા રૅઆ, કૉરા મથેજા કેસ. માડ઼ી!..**
**મિઠ્યું મિઠ્યું નિંધરું માડ઼ી! મિઠા મિંયામીં મેસ;**
**અંધર વાછંઢ લગી ઘણે પણ બારાં ન છંઢો છુએસ. માડ઼ી!..**
**ચુઆક ચુણ ચુણ ચિતમેં થેઆ, માડ઼ી ભુતડ઼ો ભિનું ન લેસ;**
**ધિલડ઼ો મુંજો જલમેં બુડી રૅઓ લગી ઓસાણી ઠેસ. માડ઼ી!..**
**ગુજ ગાલિયું મું સો-સુણાયો સે કેંવટ કરિયા પેસ;**
**અૉડિયું રાતું સડાઇ રૅં અૅડ઼ા વડર વસેંની હમેંસ. માડ઼ી!...**

શબ્દ અર્થ :- **હૂભેસ** : હરખથી, હોંશથી, ઉમળકાથી. **ગજણ** : મેઘ ગર્જના. **ખિવણું** : વિજળી. **જડિયું** : પાણીની ધારા. **જીજલ** : માડી, માતા. **વડર** : વાદળ. **નેસ** : નાનું ગામ. **સિરા** : રુંવા - રોમરોમ. **નીરા** : ભીના. **મેસ** : આંજણ. **વાછંઢ** : વાછંટ. **ચુઆક** : ચુવું (ભીતનું ભીંજાવવું). **ચુણકે** : ખટકે-ચટકે. **ભુતડ઼ો**: અંદરનો પ્રાણ, માંહ્યલો, કાયા. **ઓસાણી ઠેસ** : હરખ ઉમળકાની ઠેસ. **ગુજ** : રહસ્યમય. **સો-સુણાયો** : સાંભળીં ને સંભળાવી. **સડાઇ** : હમેંશ.

વર્ષાનું આગમન થતાં સોળ વરસની જોબનવંતી કન્યાના મનનાં મોરલા ગહેકી ઉઠ્યાં છે અને જાણે કે પ્રિયતમની ગેરહાજરીમાં હાથવગી પોતાની માઁ ની પાસે વરસતાં વરસાદની વધામણી આપતા કહે છે **''માડ઼ી મીંયડ઼ા વઠા હૂભેસ!''** કચ્છના જીવનમાં વર્ષાનું આગવું સ્થાન છે કારણ કે તેની ખેતીની જીવાદોરી વર્ષા છે અને એટલે જ તેને હુંભથી લોકો વધાવે છે. (અષાઢી બીજની ઉજવણી).

કવિતાનો ઉઘાડ જ કેટલો અનુપમ છે કે- **મીંયડ઼ા વઠા હૂભેસ** - આંખની સમક્ષ જાણે કે નાયિકા વહેતા વરસાદની વધાઈ ગાય છે કે હુભેસ (પ્રેમથી) વર્ષા થઈ રઈ છે. અને વરસાદનાં ચિહ્નો આપતાં વર્ણવે છે કે ગજણનાં ધડાકા ભડાકા (વાદળની ગર્જના) સંભળાઈ રહી છે. અને દૂર-દૂર ખિવણું (વીજ કડાકા) થઈ રહ્યા છે. અને આ ફક્ત બહાર જ નથી થતા પણ **ઘટમેં** અંદર પણ થઈ રહ્યા છે. આ ''ઘટ'' શબ્દનો પ્રયોગ થોડામાં જાજું કહી જાય છે.

કવિનું આગળ અદ્ભૂત ભાષા કર્મ તો જુઓ- **''ઓગનાણાં નેણેંજા નેસ''** શું કચ્છી જાણનારને ઓગનાવું એટલે શું સમજાવવું પડશે ?

કચ્છમાં ગામે ગામ જ્યારે તળાવ-સરોવર ઓગણાય છે ત્યારે મેઘાઉત્સવ રચાય છે. ઢોલનાં ઢમાક-ઢમાક અને શરણાઈનાં સુર રેલાવતાં લોકો તળાવની-સરોવરની પાળે ભેગા થાય છે. શાસ્ત્રોક્ત પદ્ધતિથી પુજન થાય છે અને છેવટે પંચધાતુનો સિક્કો અને નાળિયેર ભેટ ધરાય છે. તરવૈયા પાણીમાં ડુબકી મારી તે શોધી લાવે અને તેમને ઈનામ પ્રાપ્ત થાય છે. લાડુ-ભજીયાની લહાણી થાય છે. આવામાં ભીંઝાવાના બદલે કોઈ છત્રી લઈ નિકળે તો તેની છત્રીનો કાગડો બનાવી દેવાય છે અને મેથીપાક ખાવો પડે તે નફામાં. (આ બીના ૨૦૦૩માં હમીરસર-ભુજમાં નજરે નજર નિહાળી છે.)

કવિ કલ્પનાની પાંખે ઉડી નાયિકાના હૃદયની મુંઝવણને પ્રગટ કરતાં કહે છે- **''રાત સજી મુંજા સિરા નીરા રૅઆ, કૉરા મથેજા કેસ''**, **''અંધર વાંછંઢ લગી ઘણે પણ બારાં ન છંઢો છુએસ''** કેવા સરસ વિરોધાભાસ કાવ્યમય રીતે ઉભો કરવામાં કવિ સફળ થયા છે. ને છેલ્લે અરધાસ કરતાં નાયિકા પ્રાર્થે છે કે આવી રાત્રીઓ હમેંશા જીવનમાં રહે અને આવી રીતે જ વાદળાઓ હમેંશા વરસતા રહે...

મેઘનું આગમન જ્યાં મહોત્સવની જેમ ઉજવાય છે એવી કચ્છી ધરાના કવિઓ મેહને જોઈને ગાંડો કેમ ન બને ? પણ કવિ તેજની વાત ન્યારી છે. તેમનું આ વર્ષા ગીત સપાટી ઉપરનું નથી. તેમણે રચેલા કાવ્ય રૂપકો છમ-છમ કરતાં વરસતા દરેક ટીપામાંથી મેઘધનુષ્ય સર્જી શકે છે...

વધુ આવતા અંકે...

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

# સાંધવગામે પર્વ પર્યુષણ ઉલ્લાસપૂર્વક ઉજવાયા

શ્રી શાંતિનાથ દાદાની શિતલ છાયામાં અને પૂ.સા.શ્રી અમીધારાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં મહાપર્વની આરાધનાનો રંગ લાગ્યો. તા.૧૨-૮-૨૦૧૨ રવિવારના બાન્દરા સ્ટેશનથી કચ્છ માદરે વતન તરફ ૧૧૫ જણાંએ સંઘરૂપે પ્રયાણ કર્યું. સંઘને વિદાય આપવા સાંધવવાસીઓ સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. સ્ટેશન ઉપર ચા નાસ્તો તથા બિસલેરી બોટલના લાભાર્થી **માતુશ્રી દમયંતીબાઈ હંસરાજ દંડ (મુલુન્ડ)**એ લીધેલ. સાંજના ચૌવિહારનો લાભ **માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા** હસ્તે ભવાનજીભાઈ (મુલુન્ડ) લિધેલ. ટ્રેનમાં ચોકલેટ સિંગભુજીયા, ચીકી, મરી વેફર, મગદાળ વગેરે પેકેટના લાભાર્થી શ્રોતા, **તેજેસ પ્રવિણ મોતા, નેવિલ સ્મીત વિપુલ પટેલ, પ્રિશા હિહરેન દંડ, પ્રિયાંશી જયેશ લોડાયા, પ્રભાબેન નીતીન ધરમશી**એ પ્રભાવનાનો લાભ લીધેલ. લગેજબેગનો લાભ **શ્રી સમીર શામજી દંડે** લીધેલ. ટ્રેનમાં રાત્રે ભક્તિ ભાવનાની રમઝટ જમાવેલ. ટ્રેનમાં વ્યક્તિદીઠ રૂા.૨૫૦/-નું સંઘપૂજન સાંધવમાં સ્થાનિકે દરેકને રૂા.૧૦૦/-નું સંઘપૂજન કરવામાં આવેલ.

**-: રૂા.૧૧૦૦ સંઘપૂજનના લાભ લેનાર ભાગ્યશાળીઓ :-**

આ વર્ષે સ્વપ્નઘૃત ૧૨૩૪૫૬ મણ, (મોટી પંચ તીર્થીમાં પ્રથમ ક્રમાંકે) કુલ ઘૃત ૧૭૬૦૬૮ મણ, કલ્પસૂત્ર (પોથી) ૧૧૭૦ મણમાં માતુશ્રી મુરબાઈ વીશનજી લોડાયા પરિવાર (બાંઢીયા) ૫૧૨૫ મણમાં પારણું શ્રી જિગર કુલીન મૈશેરી અને શ્રી સુમિત હરીશ ધરમશીએ સંયુક્તપણે પધરાવેલ. બે અઠ્ઠાઈ ઉપરાંત દરરોજ એકાસણા અને અન્ય તપ હતા. સંઘની કાયમી ભોજનાલય તીથી ફોટો યોજનામાં ૩૧ નવા નામ નોંધાયા.

તીર્થના સ્ટાફને બક્ષિસરૂપે રકમ એકત્ર કરતાં દરેકને રૂા.૧૨૦૦ ભેટ મળેલ. શાલીભદ્રની પેટીનો લાભ રૂા.૩૬૫૩૧માં શ્રી રાજેશ ચીમનલાલ જીવાણીએ અને કુમારપાલ રાજાની આરતીનો લાભ રૂા.૪૧૪૧માં શ્રી ચીમનલાલ ખીંયરાજ જીવાણીએ લીધેલ. પર્વના નવે દિવસ સંઘના ભોજનાલયે સંઘજમણ રહેલ. દરેક કાર્યક્રમોમાં ભાવિકોએ ઉમંગે ભાગ લીધેલ. દરેક પ્રસંગે વિવિધ પ્રભાવના-સંઘપૂજનના લાભ લેવાયા, પોથી-પારણાનાં શાનદાર વરઘોડા નીકળ્યા જેની રંગત પખાવાજ અને ભાવનાની જૈન-જૈનેતરોએ અનુમોદના કરી. એ પ્રસંગોએ તીર્થની ઐતિહાસિક જાહોજલાલીની યાદ તાજી થઈ. છઠ્ઠનાં દ્વારોદ્ઘાટન અને સામુહિક સંવત્સરી ક્ષમાપના થઈ. પર્વ બાદ ચૈત્યપરિપાટીમાં ૮૦ જણાં નલીયા, કોઠારા, સુથરી આદિ દર્શન કરવા જોડાયા.

ભુજોડીમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. ગચ્છાધિપતિશ્રી આ.ઠા.ને સંવત્સરી વંદનાર્થે ગયેલ. સૌએ પુજ્યશ્રીનું ગુરૂપુજન કરી આશિર્વાદ લીધા. ટ્રસ્ટબોર્ડ દ્વારા અતિથીગૃહ અને ભોજનાલય નૂતનીકરણ કરવા અંગે નિર્ણય લેવાયેલ છે. પર્વમાં સૌ કાર્યકરોએ જહેમત લઈ ઉજવણીને દીપાવી.

## ભાંડુપ-અનંતસિધ્ધિ જિનાલય

પૂ.સા.શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્વઆનંદ-ઉલ્લાસે ઉજવાયા. નિત્ય પરોઢીયે અને સમી સાંજે દાદા દરબારે રાજુ ઢોલી અને શરણાઈવાદક અનવર ના સૂરીલા નાદે મંગલધ્વની નાદ થયા. સંઘના યુવા કાર્યકરોએ જિનાલય શણગારમાં ફુલ-વેલી, લટકણીયા, રંગીન પરદા, કળામય કમાનો, તોરણીયા અને રંગીન લાઈટે સાજ સજતા ભાવિકોને વિશેષ આકર્ષણ રહ્યું. યુવાનોએ દર્શનાર્થીઓ માટે લાલ જાજમ બીછાવી હતી ગંભારામાં ઉપર કાગળનો આકર્ષક સાથીઓ ચીતર્યો હતો.

નિત્ય રોશની, સજાવટ, સવાર-સાંજ પ્રતિક્રમણ, પૂજા, વ્યાખ્યાન, પ્રભાવના, સાંજે આંગી, ભાવના વગેરે અનુષ્ઠાનોએ પર્વનો દબદબો જાજરમાન રહ્યો.

કલ્પસુત્ર (પોથી) ૧૦૦૧ મણમાં માતુશ્રી મેઘબાઈ કેશવજી પીર (લોડાયા) બાયઠ પરિવારે પધરાવ્યું. બીજના પૂજ્યશ્રીને કલ્પસુત્ર વહોરાવવાનો લાભ રૂા.૭૦૦૧માં સૌ. નિર્મલાબેન દામજી ગાલા પરિવારે લીધેલ. પાંચ પરિવારોએ પાંચ જ્ઞાનની પૂજા કરી. ભરત શાહ અને પાર્ટીના સંગીતે ચૌદ સ્વપ્નદર્શનનો ઉત્સવ ઉજવાયો. મોક્ષની બારી ઉદ્ઘાટનનો અનંત યુવાશક્તિએ ૧૮,૧૧૮ મણમાં લાભ લીધેલ.

ચૌદ સ્વપનોને મોક્ષ બારીએ માતુશ્રી પ્રેમીલાબેન લક્ષ્મીચંદ છેડા પરિવારે પધરાવ્યા. ૩૫,૧૩૫ મણમાં મહાલક્ષ્મી શ્રી શાંતિલાલ કુંવરજી પટેલ પરિવાર (વરાડીયા), ઝૂલાવવાનો ૨૬૧૨૬ મણમાં શ્રી લાલજી વેલજી લોડાયાએ પધરાવેલ. વહાણ ૬૧૬૧૬ મણમાં શ્રી જી.વી. શીપીંગ હ. અમીત મોમાયાએ ઝુલાવ્યું, ૭૫૧૭૫ મણમાં ચિ. ઋષભ, જાનવી, સોની અને ચિ. ધ્રુવીન અને ચિ. અહમ પટેલે પધરાવ્યું. સ્વપ્ન દર્શન પ્રસંગે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, મહાજનશ્રીના પદાધિકારીઓ અને સભ્યો વગેરે સહપરિવાર પધારેલ.

બપોરે સાધર્મિક ભક્તિ માતુશ્રી વસુમતીબેન લક્ષ્મીચંદ મોમાયા હ. સૌ. ચેતના બીપીન (સાંયરા)એ લાભ લીધેલ. પ્રમુખશ્રી શ્રી નયન ભેદાએ એ દંપતિને સન્માનીત કર્યા. ૭૫૦ સાધર્મિકોએ લાભ લીધેલ.

સ્વપ્નાનું કુલ્લ ઘૃત ૩,૯૭,૭૭૫ મણ થયું. ઉપકરણોનું ઘૃત ૭૨૧ મણ થયું.

વીર પ્રભુનું પારણું ૩૩૩૩૩ મણમાં માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ (સાંધવ) હ. સૌ. દર્શના મિતેશ દંડે ઝૂલાવી શ્રી સંઘની ઉછળતા ભાવે ભક્તિ કરી અને શ્રીફળની પ્રભાવના કરી. પૂજ્યશ્રી સાથે સંઘ ગૃહે પધારતાં ગુરૂદેવનું ભાવે પૂજન કર્યું. ભરત શાહ અને પાર્ટીએ રાત્રી જાગરણમાં ધૂમ મચાવી.. રાસ, ગરબાએ બહેનો અને ભાઈઓ રમઝટ જમાવી.. તેજસ મહેન્દ્ર ખોના અને સાથી કલાકારોએ "હમ સબ એક હૈં" નો સંદેશ આપેલ.. સૌ. જયશ્રી કમલેશ લાપશીયાએ કચ્છના આ વર્ષે દુકાળની સ્થિતિ હોઈ સંઘે જીવદયામાં રૂા.૧૫૦૦૦ નો ફાળો આપેલ. ચોથના પંદર તપસ્વીઓનું બહુમાન શ્રી સંઘે કર્યું. તન મન ટુરના તપસ્વી લકી ડ્રોમાં શ્રી હિરાચંદ કેશવજી પીરને શ્રી સમ્મેતશીખરજી યાત્રાનો લાભ મળ્યો. બારસા સૂત્ર રૂા.૬૬૬૬ માં વહોરાવવાનો લાભ સૌ. પુષ્પાબેન મણીલાલ લોડાયાએ લીધો.

વ્યાખાન બાદ શ્રી નવીનચંદ દામજી મોતા હ. હેમંતભાઈએ શ્રીફળ પ્રભાવનાનો લહાવો લીધો.

બપોરે તથા સાંજે ૯૦૦ ભાવિકોએ સંવત્સરીક પ્રતિક્રમણ કરેલ.. શ્રી સોમચંદ વેલજી લોડાયા (આરીખાણા) એ દરેકને રૂા.૧૦/-ની પ્રભાવના કરી.

ચૌદ તપસ્વીઓનું શ્રી સંઘે બહુમાન કર્યું. આદેશ્વર દાદાનો રંગમંડપ શ્રી લક્ષ્મીચંદ રતનશી શીયાળ, ગંભારો મા.. શ્રી કસ્તુરીબેન શીવજી ખોના તથા મહાવીરસ્વામીનો ગંભારો શ્રી લાલજી શામજી અજાણી પરિવારે મંત્રોચ્ચાર અને ઢોલ શરણાઈના નાદે ખોલવાનો લાભ લીધો. પૂ.ગુરૂ દેવ અને શ્રી સંઘે પરસ્પર મિચ્છામીદુક્કડમ કર્યા.

પૂ.સા.શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા.ના ગુરૂપૂજનનો લાભ રૂા. મા.. મધુરીબેન માણીલાલ મોમાયાએ રૂા.૧૩૧૭૩ માં લીધો.. પૂજ્યશ્રીએ દેશમાં દુકાળ હોઈ આ રકમ જીવદયા ખાતે લઈ જઈ સૌને અપીલ કરતાં તેમજ સૌ. જયશ્રી કમલેશ લાપશીયાની જહેમતે રૂા.૧૦ લાખનો ફાળો અબડાસા તાલુકાની પાંજરાપોળો માટે એકત્ર કરાયો.

જ્ઞાતિ શીરોમણી શેઠશ્રી નરશી નાથા અને માતુશ્રી કુંવરબાઈ મા ને હારાર્પણ માતુશ્રી પ્રેમીલાબેન લક્ષ્મીચંદ વિશનજી છેડાએ રૂા.૫,૦૦૧ માં લીધો.

તપસ્વીઓના પારણાં સૌ.. માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા (રાપરગઢ) એ લઈ ભાવથી ભક્તિ કરી. બે બસ દ્વારા ચૈત્યપરિપાટી પાછળ તા.૨૬-૮ના યોજાઈ અનંત મિત્ર મંડળની અપીલે નવરાત્રીએ મહાકાલીમાની ભાવના ભાવવા તેમજ દર મહિનાની ભાવના માટે ભક્તોએ નામ નોંધાવી દીધા.

શ્રી યોગેશ પટેલની અપીલને પ્રતિસાદ આપતાં પદ્માવતીદેવી મહાકાલીમાં, અંબીકાદેવી તથા ચક્રેશ્વરી માને દર પૂનમે ચુંદડી ઓઢાળવાના નામો પણ આવી ગયા.

પર્વનું સુત્ર સંચાલન શ્રી લહેરચંદ મૈશેરીએ સુપેરે પાર પાડ્યુ શ્રી વિપુલ કાંતિલાલ લોડાયાનો ઘૃત બોલીમાં સાથ મળ્યો.. શ્રી કુમારભાઈ દંડના સલાહ સુચનોએ સફળતા મળી.. સંઘના સૌ કાર્યકરોએ ઉછળતા ભાવે તન મન અને ધનથી ભાગ લીધો.

## સાંધવ

સાંધવવાસીઓ તથા નિયાણી બહેનો તથા મહેમાનો મળી ૧૫૦ જણાં સાંધવમાં પર્વની આરાધના કરવા પધારેલ.. પૂ.સા.શ્રી અમીધારાશ્રી મ.સા.ની નિશ્રામાં કલ્પસૂત્ર પધરાવવાનો તેમજ પૂજ્યશ્રીને વહોરાવવાનો લાભ વિક્રાંત દિનેશ કુંવરજી મોતા (નલિયા-ડોમ્બીવલી) પરિવારે લીધેલ. મોક્ષની બારી ખોલવાનો લાભ આદિ માતુશ્રી રાણબાઈ ખેતશી મૈશેરી (કુવાપધર-ભાંડુપ) પરિવાર હ. ત્રીકમજીભાઈ લીધેલ. પારણું ઝુલાવવાનો લાભ શ્રી સમીર શામજી નરશી દંડે લીધેલ.

કલ્પસુત્ર પધરાવવાનું ૧૦૫૦ મણ, પારણું પધરાવવાનો લાભ ૧૧૦૦ મણમાં શ્રી શાંતિલાલ પદમશી લોડાયા હ. હિરેન (મુન્દ્રા)એ લાભ લીધેલ.. છઠના રંગમંડપ ખોલવાનો લાભ તેજસ પ્રવિણ મોતા (ડોમ્બીવલી) લીધેલ..

ગંભારો ખોલવાનો લાભ સંઘવી શ્રી ભાગચંદ દામજી ધરમશી પરિવાર (કોઠારા) અને ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) લીધેલ. બારસા સુત્ર પહોરાવવાનો લાભ શ્રી ઠાકરશી લાલજી પટેલ. સ્વપ્નાનું ૧૫૧૪૨૩ મણ થયેલ. કુલ ઘૃત ૨૧૧,૧૧૧/- મણ થયેલ.

સારી સંખ્યામાં આરધકોએ પર્વની આરાધના કરેલ. તા.૨૩-૮-૧૨ના સવારના પૂજ્યશ્રી નલિયા તરફ વિહાર કરેલ. પર્વમાં ૧ માસખમણ, ૧૦ અઠાઇ, ૧૪ અઠ્ઠમ, ૨૫ જણાંનાં એકાસણા, ૧૫ આયંબીલ તેમજ બેઆસણા વગેરે સારી સંખ્યામાં તપસ્યા થઈ.

## નાંદેડ

પુ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી અને પુ.સા.શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્વાધિરાજ પર્વ પર્યુષણ ઘૃત-તપ-જપ અતિ આનંદ અને ઉલ્લાસથી ઉજવાઈ ગયા. સોળભતા, નવાઈ તથા અઠ્ઠમ-છઠ્ઠ ભક્તાંબર તપ-ગૌતમલબ્ધી તપના તપસ્વી હતા.. રોજ વ્યાખ્યાનમાં સારી

હાજરી રહેતી હતી. કલ્પસુત્ર પોથી ૩૭૧ મણમાં વેદમુથા પરિવાર અને પારણું શ્રી લક્ષ્મીચંદ શામજી લાપસીયા પરિવારે પધરાવેલ. બેઉના વરઘોડા ધામધુમથી નીકળેલ. પોથી તથા પારણાજીના જાગરણ સારી હાજરીમાં ભક્તિભાવના સાથે થયેલ. સ્વપ્નાનું ઘૃત ૧,૩૩,૦૦૦ મણ તથા કુલ ઘૃત ૨,૫૦,૦૦૦ મણ થયેલ. દ્વારોદ્ઘાટન લાભ શા. લીલાધર ગાંગજી લાપસીયા પરિવારે લીધેલ. તથા સંઘ વતી સામુહીક તપસ્વી અનુમોદના બહુમાન કરવાનો લાભ શા. માણેકજી નરશી પોલડીયા પરિવારે લીધેલ. બારસાસુત્ર વહોરાવવાનું લાભ શા. વીરચંદ ચાપંશી શીયાલ પરિવારે લીધેલ. સાવંત્સરીક પ્રતિક્રમણ બાદ ૧૦૮ દીવાની આરતી કુમારપાલ મહારાજ દ્વારા આરતીનો લાભ શા. ગોવિંદજી આણંદજી નાગડા પરિવારે લીધેલ. શાલીભદ્રની પેટીના ચડાવાનો લાભ શા. કુલીનકાંત ગોવિંદજી નાગડા પરિવારે લીધેલ. છઠ્ઠના સવારના સંઘ તથા પુ.મ.સા.ની નિશ્રામાં શાલીભદ્રની પેટી એમના નિવાસસ્થાને લઈ જવામાં આવેલ. છઠ્ઠના સમુહ ક્ષમાપના બાદ પારણાજીનો ભવ્ય વરઘોડો નીકળેલ. બાદ સંઘ સ્વામીવાત્સલ્યનો બધાએ લાભ લીધેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ખામગામ

અત્રે પર્વ પર્યુષણ ઉજવાણી પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રી મ.સા.આ.ઠા.૩ ની નિશ્રામાં ઉમંગભેર થઈ. અઠમ તપ, સમોસરણ તપ, અક્ષયસિધ્ધ તથા અઠ્ઠાઈ તપ થયેલ. દરરોજ પ્રભુજીની વિવધિ પ્રકારની આંગી શ્રી અરીહંત ગ્રુપે રચી સકળ સંઘને દર્શન કરાવેલ. શ્રી અર્લટ ગ્રુપનાં સભ્યોએ સંગીતમય ભાવનાં કરીને રંગ જમાવેલ. સ્વપ્નનું કુલ ઘૃત ૧૭૫૦૦૦ મણ થયેલ.

### ભુજ-વર્ધમાનનગરે તપસ્વી પારણા

કચ્છના ભુજ-વર્ધમાનનગરે વિવિધ તપસ્વીઓના પારણા તા.૨૨-૮નાં સવારે થયા. અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા., પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા. આદિ મુનિરાજોની નિશ્રામાં પર્વના વિવિધ કાર્યક્રમોસહ બારસો સૂત્ર વાંચન થયેલ.

ગુરૂપૂજન ચડાવાનો લાભ જીગર ધનસુખલાલ મહેતા (માધાપર)એ અને બારસો સુત્ર વહોરાવવાનો લાભ શ્રી ચિમનલાલ દામજી શાહ પરિવારે લીધેલ.

બારસો સુત્રનું વાંચન પુ. અચલગચ્છાધિપતિશ્રીએ સ્વમુખે કર્યું હતું. જે સાંભળવા ભાવિકો દૂર-દૂરથી ઉમટતાં વિશાળ ડોમ ભાવિકોથી ભરચક રહ્યો. આ અવસરે સિદ્ધિતપનાં તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ.

રાત્રિ ભાવનામાં શ્રી ઉત્તમભાઈ છેડાએ ૧૮ પાપસ્થાનોની સમજ આપી હતી. પ્રભુજીની આંગીરચના અને જિનાલય શણગારનો લાભ શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી પરિવારે લીધેલ.

ચાતુર્માસ આરાધનામાં વિશાળ સંખ્યામાં જોડાયેલ માસક્ષમણ, અઠ્ઠાઈ આદિ તપસ્વીઓના તપાનુમોદના અને મિચ્છામિદુક્કમ્ કાર્યક્રમ પ્રસંગે રાજ્યનાં મંત્રી શ્રી વાસણભાઈ આહિર પધારતાં ચાર્તુમાસ સમિતિના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ તેઓશ્રીનું સ્વાગત કર્યું હતું.

જૈનાચાર્યશ્રીના આશિર્વાદ મેળવી રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વમાં જૈન ધર્મની તપસ્યા કઠોર છે. કચ્છ પર મેઘરાજાનાં રીસામણાને જોતાં ચિંતા વ્યક્ત કરી અને તમામ ક્ષેત્રે રાજ્ય સરકાર સાબદી બની ઉભી થયેલ પરિસ્થિતિને પહોંચી વળવા કટ્ટીબધ્ધ છે.

બારસો સુત્ર વાંચન બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં વાજતે ગાજતે ચૈત્યપરિપાટી વિમલનાથપ્રભુજી અને શીતલનાથ પ્રભુજી જિનાલયે પહોંચી હતી. જયાં ભક્તિભાવથી ચૈત્યવંદન યોજાયા હતા. ગુરૂભગવંતશ્રીએ માસક્ષમણનાં તપસ્વીઓનાં ઘેર પગલાં આપ્યા હતા.

શ્રી તારાચંદભાઈ છેડાએ સાવંત્સરિક પર્વ પ્રસંગે સૌને મિચ્છામિદુક્કડમ્ કરેલ.

### ભરૂડીયા

અત્રે પર્વ પર્યુષણ રૂડી આરાધના તપ-જપ-વ્રત-ઘૃત ઉછામણીએ ઉજવાયા. દરરોજ ભક્તામર સ્તોત્ર પઠન, સ્નાત્રપુજા, વ્યાખ્યાન, બને સમયે પ્રતિક્રમણ, સાંજે સુંદર આંગી રાત્રે ભાવના આદિ કાર્યક્રમો થયા. વિવિધ દાતાઓ તરફથી પ્રભાવના થઈ સ્વપ્નદર્શનમાં ઘૃત ૨૧૬૧૪ મણ થયું. પોથી પધરાવવાનો લાભ કલાવંતીબેન પ્રફુલ દૌલત પરિવારે અને પારણું સૌ. ભાવના વનરાજ ધુલ્લાએ લીધેલ.

છઠ્ઠના દ્વારોદ્ઘાટન સકલ સંઘની હાજરીમાં થયું. સ્વામીવાત્સલ્ય જમણ મા. મુરબાઈ દામજી ધુલ્લા પરિવાર તરફથી હતું. સ્વપ્ના-પારણાનો વારઘોડો નીકળેલ. પર્વ ઉજવવા બહોળી સંખ્યામાં ગામવાસીઓ પધારેલ.

સ્થાનિક મહાજન પ્રમુખ શ્રી કલ્પેશ અરવિંદ દંડ અને ઉપપ્રમુખ શ્રી જગદીશ જેઠાલાલ ધુલ્લા બીનહરીફ ચુંટાયા છે.

### અમરાવતી

અત્રે પર્યુષણ પર્વ હર્ષોલ્લાસથી ઉજવાયા શ્વે. જૈન બડામંદિરમાં અચલગચ્છ સમાચારીએ  આરાધના થઈ. મેવાનગર (રાજ.)થી શ્રી નરેન્દ્રભાઈ કોરડીયા, શિષ્યો આશિષ

શાહ, જયમીત શાહ અને સુરેન્દ્ર શાહ નાકોડા પાઠશાળા તરફથી આવેલ. રાત્રિભાવના સંગીત માટે શંખેશ્વરથી મેહુલ એન્ડ પાર્ટી આવેલ. આરાધક નરેન્દ્રભાઈએ બાળકોને ધર્મજ્ઞાન સંસ્કરણની પ્રેરક વાતો સમજાવી. પર્વ દરમ્યાન દરરોજ આંગી અને ભાવના હતી. વિવિધ દાતાઓએ લાભ લીધેલ. કલ્પસૂત્ર ૨૧૦૧ મણમાં પારસમલજી ચોરડીયાએ લીધેલ. પૂ.જયદર્શનવિજયજીએ જ્ઞાન પુજા કરાવી ચૈત્યવંદન કરાવેલ. માંગલિક બાદ પ્રભાવના થઈ. નાકોડા ભક્તિ મંડળ તરફથી ગૌતમપ્રસાદી હતી. પારણું ૧,૧૧,૧૧૧ મણમાં ગયું. ૧૪ સ્વપ્ન ઉછામણી થઈ. પૂ. મુનિશ્રીએ વીરજન્મ વાંચન કરેલ. સ્વપ્ન ઘૃત ૩૦૦૯૫૩ મણ, બારમાસી પુજાના ચડાવા તથા અન્ય ઘૃત ઉછામણી થઈ. સારી સંખ્યામાં તપસ્વી હતા. તા.૨૬-૮ના સર્વે સંઘોનું સ્વામીવાત્સલ્ય હતું. પોથીનો વરઘોડો નીકળેલ.

દાદાવાડીમાં પર્યુષણમાં પાર્શ્વ અર્હત શાંતિ મહા અનુષ્ઠાન યોજાયેલ. આ વિધાનમાં અન્ય જૈનો સાથે જ્ઞાતિના પરિવારો પણ સામેલ થયેલા. બારસાસૂત્રવાંચન પૂ. જયદર્શનવિજયજી મ.સા.એ કર્યું. પર્યુષણ ધર્મ ધ્યાન સાથે તપ-આરાધનાથી સંપન્ન થયું. ૪૦ તપસ્વીઓનું સંઘ તરફથી બહુમાન કરાયું.

### શ્રી કાંજુરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ

અત્રે પર્યુષણ પર્વ દરમ્યાન રાઈપ્રતિક્રમણ, ભક્તામર સ્તોત્ર પઠન, અંગરચના, સાંજે પ્રતિક્રમણ, રાત્રે ભક્તિ ભાવના વગેરેમાં પ્રભાવના, લક્કી ડ્રૉ, સંઘપૂજન હાઉસી ગેમ સાધર્મિક દાતા પરિવારો તરફથી કરવામાં આવેલ. શ્રી આદિનાથ પંચ કલ્યાણક પુજા તિલકચંદ મુલજી લોડાયા (પીર) વરાડીયા, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા શા. શીવજી રતનશી મોમાયા (વરાડીયા) મહાવીર પંચ કલ્યાણક પુજા શ્રી દેવેન્દ્ર કાંતિચંદ ખોના તરફથી ભણાવવામાં આવી. બીજના કુમારપાળ રાજાની આરતીનો લાભ શ્રી પીર પરિવાર (વરાડીયા) તરફથી લેવામાં આવ્યો.

સમુહ ક્ષમાપના કાર્યક્રમમાં નાની મોટી તપસ્યાવાળા તથા જ્ઞાનશાળાના બાળકો, શિક્ષીકા બહેનો અને કર્મચારીઓના સન્માનનો લાભ માતુશ્રી મીઠીબાઈ સોમચંદ દંડ (વરાડીયા) એ લીધેલ. સમુહ ક્ષમાપના કાર્યક્રમના લાભાર્થી માતુશ્રી હંસાબેન લાલજી લોડાયા હતા. બહુમાન સમારોહના પ્રમુખપદે શ્રી નીતીન લાલજી લોડાયા હતા. કાર્યક્રમ સંચાલન શ્રી પ્રતાપ પીંરિ કરેલ.

### ગોએરસમા-બારોઈ

પૂ.સા.શ્રી ચિંતનગુણાશ્રીજી મ.સા. ભુજપુરથી પધારી તપ જપ સાથે લાગણીસભર ધર્મજ્ઞાનની રમતો રમાડતા પર્યુષણ પર્વની સુંદર આરાધના કરાવી.

સર્વશ્રી ચિમનલાલ મોમાયા, વિરેન મોનાણી, ઉપેન્દ્ર ગોસર, હેમંત ગુટકા, ભુપેન્દ્ર ડાઘા તથા રેખાબેન ગોસરે પર્વ દરમ્યાન સંપુર્ણ વ્યવસ્થા જાળવવા જહેમત લીધેલ.

કલ્પસુત્ર ૧૧૧૧ મણમાં શ્રી વિશનજી હરશી નાગડા, બારસા સુત્ર ૧૫૦૧ મણમાં મ.સા.ને વહોરાવવા માતુશ્રી મણીબાઈ કાંતિલાલ ગોસરે લાભ લીધેલ. સુપનનું કુલઘૃત ૨૯૯૪૬ મણ થયેલ. જેમાં લક્ષ્મીજી ૩૨૦૦ મણમાં શ્રી ચીમનભાઈ મોમાયા તથા વિરેનભાઈ મોનાણી અને વહાણ ૫૨૦૨ મણમાં તેમના પરિવારે લાભ લીધેલ. પારણું ૭૧૧ મણમાં શ્રી ભાવેશ રાઘવજી શેઠીયા (લાખાપર) એ લાભ લીધેલ. બારોઈ દેરાસરજીના દ્વારોદ્ઘાટનના લાભાર્થી શ્રી ચીમનલાલ દામજી મોમાયા અને શ્રી વિરેનભાઈ મોનાણી ૩૦૦૬ મણમાં તથા ગોએરસમા દેરાસરજીના દ્વારોઘ્ઘાટનના લાભાર્થી શ્રી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા ૨૪૧૧ મણમાં લાભ લીધેલ. કુલ ઘૃત ૪૦૦૪૨ મણ થયેલ. સંઘે તપસ્વીઓની અનુમોદના કરી. સૌએ ઉત્સાહપૂર્વક તેમજ તન-મન-ધનથી ઉદારભાવે શાતાપૂર્વક ધર્મ આરાધના કરી.



### કુ. મૈત્રી રાજેશ છેડા (ઇંદોર)

-કુ. મૈત્રી છેડા (ઇંદોર) ઉ.વ.૧૧ જેણે હાલમાં કોચીનમાં આયોજીત આંતરરાજ્ય ટેબલ-ટેનીસની સ્પર્ધામાં ભાગ લીધેલ. રમતગમત ક્ષેત્રે પ્રગતિ બદલ હાર્દિક અભિનંદન.

### કચ્છની અછત પરિસ્થિતિની વહારે દાતાઓ

કચ્છમાં હજુ સુધી ચોમાસું જામ્યુ ન હોઈ અને અછતની પરિસ્થિતિમાં અબોલ જીવોને પાણી-ઘાસચારો પુરો પાડવા વિદેશ-દેશાવળ અને મુંબઈના ઉદારદિલ દાતાઓ સરકારના પ્રયત્નોમાં સહભાગી થવા વહારે આવ્યા છે.

ઠેકઠેકાણે સંસ્થાઓ-સંઘો જીવદયા ફંડ એકઠું કરી માદરે વતનના સહાયતાર્થે સક્રિય થયા છે. સર્વે ગૌપ્રેમીઓ જીવદયા ફંડમાં ઉદાર સહયોગ આપી રહ્યા છે. વિદેશ માંથી પણ રૂા.સાડા ત્રણ કરોડ એકત્ર કરી મોકલાયા છે. રાપર તાલુકામાં એક કરોડનું ફંડ ડ્રૉ કુપનથી ભેગું કરાયું છે. કેન્દ્ર સરકારની ટીમ પણ અછત નિરીક્ષણ અભ્યાસાર્થે આવી ગયેલ છે. જીલ્લાના વિવિધ મથકે ઢોરવાડા ચાલુ કરાયા છે.

અબડાસા તાલુકાના પશુપાલન અને પાંજરાપોળો માટે સ્વૈચ્છિક સંસ્થાએ આગળ આવી છે. મુંબઈ જ્ઞાતિ મહાજને પણ તપસ્વીઓની સમુહસાંજી પ્રસંગે રૂા.૨૫ લાખનું ફંડ એકત્ર કરેલ છે અને અબડાસાના ઢોરોને નીરણ નાખવા વ્યવસ્થા ગોઠવી રહ્યું છે. પહેલીજ ખેપમાં ૩૧ ગામોમાં ૧૧ હજાર ઢોરો માટે રૂા. ૬૫ લાખનું ઘાસનો જથ્થો પહોંચતો કરાયો છે.

સર્વશ્રી પ્રવીણ હંસરાજ લોડાયા, શ્રી નયન ભેદા અને કાર્યકરો જહેમત લઈ રહ્યા છે. ધારાસભ્ય શ્રી જયંતિભાઈ ભાનુશાલીના માર્ગદર્શન હેઠળ સંસ્થાકીય મદદથી અબોલ જીવો માટે નિશુલ્ક ઘાસચારો પુરો પાઠવામાં આવી રહ્યો છે.

માંડવી અને અબડાસાનાં ૬૪ ગામોને રૂા. ૨ કરોડ ફાળવાય છે ગુજરાતમાંથી પર્યાપ્ત જથ્થો કચ્છ મોકલાઈ રહ્યો છે. સર્વે જીવદયાપ્રેમીઓને આ ભગીરથ અને પ્રાથમિક કાર્યમાં તન-મન-ધનથી સેવા આપવાની છે. એવી અપીલ ગામેગામના મહાજનો-સંઘોએ કરી છે.

બીજી બાજુ, નર્મદાના વધારાના પાણીમાં પશ્ચિમ કચ્છને કાપવામાં આપ્યો હોઈ કચ્છ જળ સંકટ નિવારણ સમિતિએ અન્યાય થયાનો ઉગ્ર આક્ષેપ કર્યો છે. કચ્છના હિસ્સાનું પાણી અન્યત્ર વાળવામાં આવ્યાના સમાચારોથી અસંતોષની લાગણી ફેલાઈ છે.

કચ્છના કુદરતી વરસાદની અછત રહેતી હોવાથી જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ સરકારી સહાયતા માટે કચ્છની પસંદગી કરાઈ છે. એ કાર્યક્રમ અમલી બનાવવા ૩૮ વિકાસ પ્રોજેક્ટ મંજુર કરાયા છે. રૂા.૧૩ હેક્ટર જમીન આવરી લેવાઈ છે. રૂા.૩૫૦ કરોડનું બજેટ ફાળવાયું છે.

**સમસ્ત મહાજન દ્વારા ધુલિયામાં જનજાગરણ બેઠક**

સમસ્ત મહાજન જનજાગરણ અભિયાન અંતર્ગત ધુલિયામાં સમસ્ત મહાજનનાં મે. ટ્રસ્ટી શ્રી તિલોકચંદભાઈ નરશી દંડના પ્રમુખપદે દાદાવાડી જૈન મંદિરના હોલમાં એક મેળાવડો યોજાયેલ આ સભામાં સમસ્ત મહાજનના મેનિજિંગ ટ્રસ્ટી શ્રી તિલોકચંદભાઈ દંડ, શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા, સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતા, પ્રવિણ લોડાયા, ચંપક જીવાણી, દિપક પોલડીયા તથા ધુલિયા મહાજનના પ્રમુખ શ્રી વસંત ઠાકરશી ગોસરે સાથે મળી. પ્રથમ દિપ પ્રાગટ્ય કરેલ. આ સભામાં ધુલિયા ઉપરાંત માલેગાંવ, પલાસનેર, શિરપુર, પારોલા, નંદુરબાર, અમલનેરથી પણ જ્ઞાતિજનો પધારેલ. ધુલીયા મહાજન દ્વારા પધારેલ અગ્રણીઓનું સત્કાર કરવામાં આવેલ.

સભાની શરઆતમાં સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતાએ જનજાગરણ અભિયાન અંગેની સમસ્ત મહાજનની માળખાકીય રૂપરેખા-પ્રસ્તાવના અને જ્ઞાતિ જનજાગરણનો સુર રજુ કરેલ. ૨૦ વર્ષ પૂર્વે થયેલ જ્ઞાતિસંમેલનમાં સ્થાપાયેલ સમસ્ત મહાજનને ફરી જાગૃત કરી જ્ઞાતિમાં કેન્દ્રિય વ્યવસ્થા જાળવવા સમસ્ત મહાજનની સ્થાપના કરવામાં આવી. જ્ઞાતિના શ્રધ્ધાસ્થાન અને પ્રેરણાસ્ત્રોત્ર શ્રી અનંતનાથદાદા અને શાંતિનાથદાદાના આશીર્વાદે સમસ્ત મહાજનની પુનઃ શરૂઆત થઈ. બંધારણ અનુસાર દરેક મહાજનોએ પોતાના પ્રતિનિધિ નીમી મોકલ્યા જેની મહાસમિતિ રચાઈ. સમસ્ત મહાજનના જનજાગરણ અભિયાનમાં વરાડિયા, ગાંધીધામ, વડોદરા, ઈંદોર, નાગપુર, રાયપુર, જામનગર, અમદાવાદ, પારોલા, દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર, નાંદેડ, અમરાવતી, કારંજા, ખામગામ, મલકાપૂર, ધુલિયા, અહમદનગર, પુના વગેરે સ્થળે જ્ઞાતિ સંપર્ક સભાઓ યોજાઈ. ધુલિયાની આ સભામાં ૭ મહાજનો એક સાથે પધારેલ તથા મુંબઈ, આકોટ અને ખીરકીયાથી પણ મહાનુભાવો પધારેલ. આ સંપર્ક મિલનમાં ધુલિયા મહાજનના સભ્યો દ્વારા કેટલાંક પ્રશ્નો અને સમસ્યાઓ વિષે નિમ્નલિખત વિષયોપર ધારદાર રજૂઆત કરવામાં આવેલ.

અલ્પ સંખ્યાક (જૈન માયનોરીટી)-શ્રી વરુણ તૈલેશ ભાટે, નામ અને લોગોની શૈલી-શ્રી હર્ષદ ગોવિંદજી સોની, સગપણ સમસ્યા-સૌ. પ્રીતિ કાજલ મોમાયા, ઉચ્ચ શિક્ષણ અંગે માર્ગદર્શન અને સહાયતા : સૌ. લતાબેન જયંત શાહ, પ્રાર્થનાસભા, વૃધ્ધાશ્રમ-શ્રીમતિ હિરાવંતીબેન મણિલાલ લોડાયા, દેવદ્રવ્ય-શ્રી વસંતભાઈ ઠાકરસી ગોસર, દેહદાન/ ચક્ષુદાન-ચિ. પ્રીતેશ ડેવિડ ડાઘા/શ્રી તૈલેશ નારાણજી ભાટે, કલ્પવૃક્ષ યોજના, મેડિક્લેમ યોજના-શ્રી જયેશ નારાણજી ભાટે, કમ્યુનીટી હોલ અને આવાસ યોજના-શ્રી પ્રદીપભાઈ ચંદ્રકાંત લોડાયા, રોજગાર વિનીમય યોજના-સૌ. કલ્પના મયુર ધરમશી, વસિયતનામું-સૌ. લતા જયંત દંડ, છાત્રાલય અને રગણાલય-શ્રી ચંદ્રકાંત ગુલાબચંદ લોડાયા, મુંબઈમાં અતિથીગૃહ, KDO મોલ-શ્રી ગોવિંદજી નેણશી સોનીએ ઉપરોક્ત મુદ્દાપર ખુબ સરસરીતે રજુઆત કરી હતી.

થયેલ રજુઆતો અંગે મંચસ્થ મહાનુભાવો તરફથી યોગ્ય પ્રતિસાદ મળેલ. વૃધ્ધાશ્રમ ન જ હોવા જોઈએ. સમસ્ત મહાજન તરફથી લવાદપંચની રચના કરવામાં આવેલ છે. વ્યવહારિક પ્રશ્નો લવાદપંચ દ્વારા ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવશે. વસીયતનામા અંગે સમજ અપાશે.

દેહદાન, ચક્ષુદાન, ત્વચાદાન અંગે "માનવજ્યોત" સંસ્થા પાસેથી વધુ માહિતી મેળવી લેવા જણાવાયું. સગપણ અંગે દેશાવળની સમસ્યા રજુ કરવામાં આવી. દેવદ્રવ્ય અંગે તેમજ પ્રાર્થનાસભા અંગે જ્ઞાતિએ સમયોચિત સુધારા અપનાવવા જણાવાયેલ. ઉચ્ચ શિક્ષણ માર્ગદર્શન અને લોન અંગે જ્ઞાતિની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ એક છત્ર હેઠળ કાર્ય કરે છે એવી માહિતી અપાઈ.

અબડાસા-કચ્છની ઘટતી જતી વસતિ અને જિનાલયોની સારસંભાળની ચિંતા વ્યક્ત કરાઈ. કચ્છમાં જમીન અને મિલકતો અંગે માર્ગદર્શન આપવા સમસ્ત મહાજન હેઠળ એક સમિતિની રચના થઈ છે. જ્ઞાતિની પ્રતિભાશાળી વ્યક્તિઓના યોગદાન બદલ સન્માન કરવા. જેમાં જ્ઞાતિસ્તરે શ્રેષ્ઠતા હોય તેના સમસ્ત મહાજને કરવા. શિક્ષણ, વૈદ્યકિય સારવાર, સાધર્મિક સહાય જન્મ-સગપણ-લગ્ન-મરણ નોંધણી, વગેરે બાબતે આવાસ યોજના, રોજગાર વિષે દરેક સ્થાનિક મહાજને જ્ઞાતિજનોના પ્રશ્નો સંભાળવા. જેનું સમસ્ત મહાજન સમન્વય-સંકલન કરી માર્ગદર્શન આપશે. જરૂરતમંદ જ્ઞાતિજનોને સહાયતા જ્ઞાતિસ્તરે એક છત્ર હેઠળ સ્થાનિક મહાજનના સંકલન સાથે વનવિન્ડો સીસ્ટમથી ગોઠવવી.

જ્ઞાતિજનો માટે એક હેલ્પલાઈન નંબર, વેબસાઈટ, એસએમએસ સેવા વગેરે માટે પ્રયત્ન ચાલુ છે. અંતે પરસ્પર આભાર વ્યક્ત કરી સભા પુરી થઈ અને ત્યારબાદ સૌએ પ્રિતીભોજનનો લાભ લઈ છુટા પડ્યા.

કાર્યક્રમ પુર્વે વિદ્યાર્થીગૃહ સંચાલિત અંગ્રેજી શાળાની મુલાકાત લીધી. ત્યાં ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ અને પદાધિકારીઓ, શાળ સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાર્દિક સ્વાગત કરી શાળાની પ્રગતિની જાણકારી આપી. એ દિવસે ત્યાં જન્માષ્ટમી તહેવારની ઉજવણી હોઈ છાત્રોએ વિવિધ કાર્યક્રમો રજુ કર્યા.

ત્યારબાદ દાદાવાડી જિનાલયે દર્શન કરી, ગુરૂવંદન કરી ઉપાશ્રય હોલમાં મેળાવડો ગોઠવ્યો. પ્રારંભે દીપપ્રાકટ્ય, શિરોમણીશ્રીને હારારોપણ અને નવકાર પઠન કરી સભા શરૂ કરી. ધુલીયા મહાજન પ્રમુખશ્રી વસંત ઠાકરશી ગોસરે સૌનું સ્વાગત કરેલ. કાર્યક્રમ સૂત્ર સંચાલન મહાજનના માનદમંત્રી સૌ. લતાબેન જયંત દંડે આગવી શૈલીમાં સફળતાપુર્વક સંભાળ્યું. આ સભામાં આસપાસના સાતેક મહાજનના સભ્યો પધારેલ. કાર્યકરોએ જ્ઞાતિ પ્રગતિના સમયોચિત સુધારાના સુચન રજુ કરેલ.

ધુલીયાની શાળાને રૂા.૫૧ હજારનું અનુદાન શ્રી અનિલભાઈ (આકોટ) અને શ્રી પ્રતાપભાઈ પીર (વડાલા) પરિવાર તરફથી જાહેર કરાતાં તેમનું શ્રી તિલોકચંદ નરશી દંડ દ્વારા બહુમાન-અનુમોદના કરાઈ.

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ

ટ્રસ્ટનાં ઉપક્રમે વર્ષ ૨૦૧૦-૧૧માં ₹૧૫,૦૨,૯૯૫ અને વર્ષ ૨૦૧૧-૧૨માં ₹૮,૬૩,૧૧૬ જ્ઞાતિ વિદ્યાર્થીઓને શાળા ફી અને પુસ્તક સહાયતાર્થે ફાળો નોંધાયો હતો.

### જૈન કથા સાહિત્યમાલા ગ્રંથનો વિમોચન કાર્યક્રમ

"વીર શાસનમ્"ના ઉપક્રમે જૈન કથા સાહિત્યમાલા ગ્રંથનું વિમોચન કાર્ય પાલીતાણા તીર્થે તા.૧-૨ સપ્ટેમ્બર ૧૨ના અંકીતબાઈ ધર્મશાળામાં થવાનું છે. આ પ્રકાશન સમર્પણ સમારોહનું સૌજન્ય માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર હ. સૌ. નિશાબેન હિતેશ મોતાએ લીધેલ છે. આ ઐતિહાસિક ગ્રંથનું સંપાદન પૂ.આ.શ્રીમદ વિજય યોગતિલકસુરીશ્વરજી મ.સા.એ કર્યું છે. ગ્રંથની વિશેષતામાં વર્તમાનમાં ઉપલબ્ધ સમગ્ર જૈન સંસ્કૃત ગદ્ય કથા સાહિત્યનું સંકલન છે. કુલ ૫૦ કથાઓમાં ૧૬૨૬૦૦ શ્લોકનું પ્રમાણ છે. મુખ્યભુમિકા, વિષયાનુક્રમ અને પરિશિષ્ટો સાથે ૧૬ ભાગમાં ૬૦૭૦ પાનાનું આ દળદાર અમુલ્ય ગ્રંથ છે. અગ્રણી મુનિવરો-આચાર્યોએ કથાઓ લખી છે. જેનું આ સંપાદન છે. આ ૫૦ કથાઓને વિષયરૂપે રાખી મુંબઈ, ગુજરાત, દિલ્હી અને કલકતાના વિવિધ ૫૦ વિદ્વાન સંશોધન નિબંધ પ્રસ્તુત કરશે. આ સાથે જૈન કથા સાહિત્ય - એક સંગોષ્ઠિ કાર્યક્રમ મિલન પણ યોજાયેલ છે. શાસન સંસ્કૃતિનું આ અદ્ભુત અને ઉપયોગી પ્રકાશન છે.

### કોચીન મહાજન દ્વારા મેડીક્લેમ વીમા યોજના

શ્રી દ.ભા.ક.દ.ઓ. એકમ દ્વારા વર્ષ ૧૯૯૧માં મેડીકેર યોજના શરૂ કરેલ. આ યોજનામાં જ્ઞાતિના તથા અન્ય ઘણાં લોકોએ લાભ લીધેલ. અનિવાર્ય સંજોગોના કારણે એ સ્કીમ વર્ષ ૨૦૦૬માં બંધ થઈ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોચીને તે સમયે મેડીકેર યોજનામાં કોચીનમાંથી જે સભ્યો હતા તેમના માટે ન્યુ ઈન્ડીયા ઈન્શ્યુરન્સ કંપની સાથે મળીને બધાને એ વીમા યોજનાને લાભ મળી રહે તે હેતુથી એક ગ્રુપ મેડીક્લેમ પોલીસી કઢાવી. જેમાં ૧૩૨ જણાં હતા. તે પોલીસી હજી પણ ચાલુ છે. દર વર્ષે એપ્રીલમાં પોલીસીના સભ્યો પાસેથી તેમની વીમા રકમ મુજબ પ્રીમીયમ લઈને પોલીસી રિન્યુ કરાય છે. આ પોલીસીમાં ૩થી કરીને ૮૨ વર્ષ સુધીના સભ્યો શામેલ છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૦૭થી કોચીન મહાજને અહીંના બધાજ જ્ઞાતિજનોને આવરી લતી દરેકની રૂા. એક લાખ એક ગ્રુપ પર્સનલ એક્સીડેન્ટ ઇન્સુરન્સ પોલીસી (વ્યક્તિગત કાયમ અપંગતાના લાભ સાથે) કઢાવે છે જેમાં બાજુમાં અલપઈ મહાજનના સભ્યોને પણ સામેલ કરવામાં આવેલ છે. વાર્ષિક પ્રીમિયમ અંદાજે રૂા.૧૫,૦૦૦/- થાય છે જે મહાજન પોતે ભોગવે છે. આ પોલીસીમાં અંદાજે ૫૦૦ જણાને આવરી લેવામાં આવ્યા છે.

## "નવકારનો રણકાર" વિશેષાંકનો વિમોચન સમારોહ

બૃહદ મુંબઈ પંચપરમેષ્ઠી પરિવાર દ્વારા પ્રકાશિત "નવકારનો રણકાર"ના ૧૦૦મા અંકનો વિમોચન સમારોહ તા.૯-૯-૧૨ સવારે ૭ થી ૧૦ દરમ્યાન પાયધુનીના શ્રી નમીનાથની જિનાલયે, શ્રી જયંતભાઈ રાહીના નવકાર જાપ દરમ્યાન યોજાયેલ છે.

આ વિશેષાંકમાં જૈન સાહિત્ય જગતનાં વિવિધ સર્જકોના મનનીય ચિંતનાત્મક લેખોથી સભર બસો પાનાનું આ દળદાર સાધર્મિક ભક્તિ વિશેષાંક જૈન ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ આલેખશે.

નવકારમંત્ર સાધક શ્રી જયંતભાઈ રાહીની પ્રેરણાએ અને જાણીતા લેખક અને પત્રકાર શ્રી ચિમનભાઈ "કલાધર" દ્વારા સંપાદિત તંત્રીપદે આ અંક તૈયાર થઈ રહ્યો છે. જેમાં જૈન સાહિત્યના વિશિષ્ટ ધાર્મિક, અધ્યાત્મિક લેખો અને વિદ્વાન લેખકોની અમૃત પ્રસાદી વાંચવા મળશે.

જૈન સમાજના અગ્રણી શ્રી દિનેશ જયંતિલાલ શાહ (જામનગર) ના હસ્તે આ અંકનું વિમોચન થશે. આ પ્રસંગે ભાવિકોને પધારવા જાહેર આમંત્રણ છે.

## મુર્તિખંડન પ્રકરણે જૈન સમાજનો વિરોધ

લખનૌમાં અને કર્ણાટકમાં જૈન તીર્થંકર મૂર્તિ ખંડન પ્રકરણે જૈન સમાજની તીવ્ર લાગણી દુભાઈ છે અને ઉતરપ્રદેશ, કર્ણાટક અને કેન્દ્ર સરકારમાં આ બાબતે પ્રચંડ વિરોધ નોંધાયો છે. મુંબઈમાં મુલુન્ડ આદિ પરાઓમાં સમસ્ત જૈન સંઘોએ વિરોધ રેલી અને પ્રદર્શન કરી સત્તાવાળાઓને આવેદન નોંધાવેલ છે. મુલુન્ડમાં જૈન પ્રતિનિધિ મંડળે પોલીસ સ્ટેશનમાં વિરોધ પત્ર આપી. અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવા માંગણી કરી છે.

આવી ખંડનાત્મક પ્રવૃતિનું વળતર કે ભરપાઈ ખર્ચ નહીં પણ ગુન્હાહિતો ને કડક સજા થવી જોઈએ એવો તીવ્ર રોષ વ્યક્ત કરાયો છે.

## ભાવનગર કચ્છ સમાજ

૫-૮-૧૨ના સાંજે સમાજ ધ્વારા સમાજના કચ્છી ભવનમાં કચ્છના વતનીઓએ મેળવેલ વિશિષ્ટ સિધ્ધિ, ઉમદા પ્રદાન અને અમુલ્ય ફરજનિષ્ઠા બદલ, ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરેલ.

પન્નાબેન નિતિન મોમાયા (તેરા-અમદાવાદ) ખાતે ડી.વાય.એસ.પી. તરીકે આવેલ છે. એમણે અમદાવાદમાં એમ.કોમ.સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષામાં સમગ્ર ગુજરાતના સાડા ત્રણ લાખ ઉમેદવારો પૈકી બારમાં ક્રમે આવેલ. જે એક વિરલ સિધ્ધિ છે. એ પરિક્ષામાં કાયદાના વિષયમાં અને મૌખિક ઇન્ટરવ્યુમાં તેઓ સમગ્ર ગુજરાતમાં પ્રથમ રહ્યા.

તેમણે પોતાની કારકિર્દી પોલીસ સબ ઇન્સ્પેક્ટરથી શરૂ કરી હતી. પ્રથમ પાંચ વર્ષ અમદાવાદમાં પી.એસ.આઈ. તરીકે સેવા આપ્યા. બાદ બીજા પાંચ વર્ષ ખંભાત-તારાપુરમાં મામલતદાર તરીકે ફરજ બજાવી ચુક્યા છે. અને વર્ષ ૨૦૧૧માં ડી.વાય.એસ.પી. તરીકે પસંદગી પામ્યા છે. રમતગમત ક્ષેત્રે તેમજ સ્કાઉટમાં તેઓશ્રીએ વિશિષ્ટ સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ છે. એથ્લેટીક્સમાં પણ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. સ્કાઉટ ગાઈડક્ષેત્રે ગવર્નર તેમજ રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવી ચુક્યા છે. આમ અનેક ઉચ્ચ સિધ્ધીઓ પ્રાપ્ત કરી કચ્છનું અને જ્ઞાતિનું નામ રોશન કર્યું છે.

ભાવનગરના ધારાસભ્યશ્રી વિભાવરીબેને પન્નાબેનને કચ્છનું ગૌરવ તેમજ "સ્ત્રી શક્તિનું" એક વિશિષ્ટ ઉદાહરણ દર્શાવી તેમને સન્માનિત કર્યા હતા.

પ્રકાશચંદ્ર પી. જોષી (ભુજ)નું હાલમાં જ નાયબ લેબર કમિશનરના પદેથી નિવૃત થતાં તેમનું તથા રાષ્ટ્રપતી એવોર્ડ વિજેતા PSI શ્રી સામતસિંહજી વેલુભા જાડેજા (નલીયા)એ ત્રણેનું કચ્છી સમાજ વતીથી ભવ્ય સન્માન કરાયું હતું. ધારાસભ્યશ્રીએ સમાજની પ્રવૃતિઓની પ્રશંસા કરી હતી અને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે સમાજ પરિવારના સભ્યો તથા આમંત્રિત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. સન્માનિત ત્રણે કચ્છી પ્રતિભાઓએ સમાજનું ઋણ અદા કરવા હંમેશા તત્પર રહેવા અને સમાજ ગૌરવ બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે આશાપુરા માની આરતી દર્શનનો લાભ લઈ સમાજ તરફથી રાખવામાં આવેલ સ્વરૂચિ-ભોજન લઈ સૌ છુટા પડયા હતા.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**ભાવિન કિરણ પટેલ (જખૌ)** ૧૦૬ ત્રિપુરા એપા. હનુમાન મંદિર પાસે, ભુસારઅલી, કલવા-૪૦૦૬૦૫

**પ્રફુલ નારાણજી મોમાયા (સાંયરા)** ૧૦૧-સી ઇંદ્રપ્રસ્થ એપા. ગાંડલીવાડા, જુની મંગલવારી, નાગપુર-૪૪૦૦૦૮

**પ્રતાપ શીવજી લોડાયા** T.L.Kapadia, PC Trust,આવાસગૃહ,પ્લોટ ૬/૨૬, બી-૪૭, કોઠાપેઠ વીલેજ, ચૈતન્યપુરી, હૈદરાબાદ-500060

**નટવરલાલ રાઘવજી નાગડા** ૪-બી, વિશ્રાંતિપાર્ક, જૈન દેરાસર પાછળ, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨

**કલ્પેશ કે. દંડ** Q.No.36 Type IV, શોભાપુર કોલોની, પથીખેરા, Betul (MP)460449 ફોન: 07415751070

**વિક્રમ કાંતિલાલ મોતા** એ-૨૦૪ પાઇનવુડ, વસંત ગાર્ડન, ઓફ LBS માર્ગ, મુલુન્ડ(વે),મુંબઈ-80. મો.986924009, ફોન 21645694

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| તુષાર નરશી છેડા-મુલુન્ડ | ૯૮૩૩૯૭૯૮૭૪ | ડિમ્પલ વિક્રમ મોતા-મુલુન્ડ | ૯૯૬૯૯૭૦૨૮૨ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૭-૧૨ | ગોરેગામ | KUMT | વૃત્તિકા-મીતેશ પ્રવિણ મોતા | કુવાપધ્ધર | કન્યા |
| ૨૫-૭-૧૨ | અમદાવાદ | MDMA011703 | પ્રાચી-નિશાંત દિલીપ મૈશેરી | માંડવી | કન્યા |
| ૧૨-૮-૧૨ | ઇંદોર | LLLA | વિહાન-જિનેશ જયશ લાલકા | લાલા | પુત્ર |
| ૧૯-૮-૧૨ | સોલાપૂર | BYNG | તોશાન-ગૌતમ કેશરીકુમાર નાગડા | બાયઠ | પુત્ર |
| ૨૪-૮-૧૨ | જખૌ | LLLA | નેમ-હિતેશ દીપક લાલકા | લાલા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૮-૧૨ | કલવા | JKDH011303 | ભાવિન કિરણ ધનજી ધરમશી (પટેલ) | જખૌ | ૨૬ |
| | વડોદરા | NLNG280604 | જીનલ રાજેશ રામજી નાગડા | નલીયા | ૨૨ |
| ૨૬-૮-૧૨ | થાણા | KBKN052003 | બ્રેવલી કુલીનકાંત હેમરાજ ખોના | મોટીખાવડી | ૨૫ |
| | મોટીખાવડી | KBLO090504 | નીતલ દિલીપ છગનલાલ લોડાયા | મોટીખાવડી | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦-૭-૧૨ | ખિરકીયા | LLNG0104003 | અરૂણ હેમચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૬ |
| | ઇંદોર | A | પૂજા તોરણસિંહ ક્રિષ્ણમુરલીસિંહ રાણા | મથુરા | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૮-૧૨ | કલ્યાણ | NLMT010602 | પ્રેમીલાબાઈ કુંવરજી મેઘજી મોતા | નલીયા | ૭૩ |
| ૨૫-૮-૧૨ | આદીપુર | VRDA121001 | રાજેશ ઠાકરશી ચત્રભુજ ડાઘા | વરાડીયા | ૩૯ |
| ૨૨-૮-૧૨ | મુલુંડ | LAMT060201 | મહેન્દ્ર રસીકલાલ વીશનજી મોતા | લાખણીયા | ૫૧ |
| ૨૬-૮-૧૨ | ડોંબિવલી | JKNG061101 | અખીલ વાલજી પુનશી નાગડા | જખૌ | ૪૯ |
| ૨૭-૮-૧૨ | ઘાટકોપર | BHDU051002 | નીતા અશ્વીન લક્ષ્મીચંદ દૌલત (ઘુલ્લા) | ભરૂડીયા | ૪૭ |

## -: ભુલસુધાર :-

પ્ર.સ.અંક ૨૯માં પેજ નં.૬ ઉપર વારાપધર-લોડાયા પરિવારની સચ્ચાઈમાંની પહેડી મંગળવાર **તા.૨૭-૮-૧૨ના** છે જે શરતચુકથી તા.૨૧-૮-૧૨ છપાઈ છે.

પ્ર.સ.અંક ૩૨માં પાના નં.૩૮ પર કુ. ફાલ્ગુની હરીશ શિયાડ (તેરા-મુલુન્ડ)ની જા.ખ.માં શરતચુકથી B.Com. Dec 87 લખાયું છે જે સુધારીને **Born-Dec.87** વાંચવું.

પ્ર.સ.અંક૩૩માં મુખપૃષ્ઠ ઉપર ભુજમાં ૯ કરોડ જાપની તસ્વીરોમાં શરતચુકથી અચલગચ્છાધિપતિ પુ. ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ની નિશ્રા લખાઈ છે જે સુધારીને અચલગચ્છાધિપતિ પુ.આ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.. વાંચવું.પ્ર.સ. અંક ૩૩માં જીવનચક્રમાં સગપણ નોંધમાં શરતચુકથી નિખિલ જીવરાજ લોડાયા છપાયું છે જે સુધારીને **મિખિલ જીવરાજ લોડાયા** (મોટીખાવડી) વાંચવું.

પ્ર.સ.અંક૩૫માં પાના નં.૨૧ પર અનંતનાથ જિનાલય સ્વપ્નઘૃત ઉછામણીની જા.ખ.માં કેસરી સિંહ પધરાવવાનું શરતચુકથી માતુશ્રી તારાબાઈ માણેકજી લોડાયા-સાંધવ છપાયું છે જે સુધારીને **માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા**-રાપરગઢ વાંચવું-ક્ષમાયાચના

# જીવદયા અભિયાનમાં જ્ઞાતિજનોનો જોરદાર પ્રતિસાદ, માત્ર ૨૫ મિનિટમાં રૂા. ૨૫ લાખનો 'અબોલ જીવ' માટે વરસાદ

કચ્છમાં દુષ્કાળના કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા અબોલા પશુધનને ક.દ.ઓ. ના દરેક ગામમાં 'નીરણ' મળી રહે તે માટે મહાજનશ્રી દ્વારા જીવદયા અભિયાન દ્વારા **રૂા. ૨૫ લાખ જમા કરવાની ટ્હેલ** ઉપસ્થિત જ્ઞાતિજનોને કરતા રૂા. ૧૦૦૦/-ની એક મીતી મુજબ આ અભિયાનમાં જોડાવવાનું આવ્હાન કરાયું હતું. જેમા સૌ પ્રથમ નામ **શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી-સુથરી-એ ૨૫૧ મીતી ના રૂા. ૨,૫૧,૦૦૦/-** માતબર જીવદયાથી શરૂઆત કરી હતી, જેને મહાનુભવોએ જોરદાર પ્રતિસાદ આપ્યો.

કુલ ૧૬ લાખથી વધુ રકમ માત્ર ગણતરીની મીનીટોમાં જમા થઈ હતી. ત્યારે પ્રમુખશ્રી નયન ભેદાએ આભાર માનતા કહ્યુ હતું કે આજે આપણે ૨૫નો ટાર્ગેટ પૂર્ણ કરવો છે. ત્યારે **શ્રી સંજયભાઈ નવીનચંદ્ર ધરમશી** નામના દાનનું વાદળ (Cloud burst) ફાટયું હતું અને અબોલ જીવ માટે કૃત્રિમ વર્ષા રૂપી રૂપિયાની વરસાદ વરસાવી, બાકી ખૂટતી રકમ **રૂા, ૭,૫૧,૮૮૮ માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી-સુથરી-પૂના/લાલબાગનું** નામ જાહેર કરી ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોના દિલ જીતી લીધા. જ્ઞાતિજનોએ ઉભા થઈ ભાઈશ્રી **સંજય તથા કલ્પેશ ધરમશી ને** તાળીઓના ગડગડાટથી વધાવ્યા હતા.

| ક્રમ | નામ | રૂપિયા |
|---|---|---|
| ૧ | માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી-સુથરી | ૭,૫૧,૮૮૮ |
| ૨ | રાયચંદ હંસરાજ ધરમશી-સુથરી | ૨,૫૧,૦૦૦ |
| ૩ | દિલીપ તલકશી વોરા - બીદડા (શ્રી હેમાંગ રાયચંદ ધરમશીના મિત્ર) | ૨,૦૧,૦૦૦ |
| ૪ | શ્રી અનંતનાથજી દેરાસર તથા સાધારણ ફંડનું ટ્રસ્ટ | ૧,૮૧,૦૦૦ |
| ૫ | ચાંપશી માણેકજી શાહ - સાંધવ | ૧,૦૦,૦૦૦ |
| ૬ | પ્રતાપ ચાંપશી લોડાયા - તેરા | ૧,૦૦,૦૦૦ |
| ૭ | શ્રી જી. વી. સી. સંઘ - ઘાટકોપર | ૧,૦૦,૦૦૦ |
| ૮ | શ્રી ક.દ.ઓ. ભાંડુપ જૈન સંઘ | ૧,૦૦,૦૦૦ |
| ૯ | નેપ્ચ્યુન ગ્રુપ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦ | પ્રફુલ ચીમનલાલ મોતા - તેરા | ૫૧,૦૦૦ |
| ૧૧ | રાજુલ પટેલ-સાંયરા / ચેતન મોતા-વારાપધર | ૫૧,૦૦૦ |
| ૧૨ | પ્રવીણ હંસરાજ લોડાયા-આરીખાણા જયેશ ભાગચંદ જૈન-કોઠારા | ૫૧,૦૦૦ |
| ૧૩ | હિરેન મણીલાલ દંડ - બાયઠ | ૫૧,૦૦૦ |
| ૧૪ | જયંત ભવાનજી સોની - સુથરી | ૫૧,૦૦૦ |
| ૧૫ | રાજેશ કાંતીલાલ મોતા - રાયધણજર | ૫૦,૦૦૦ |
| ૧૬ | વેલબાઈ હિરજી દંડ - લાલા | ૩૦,૦૦૦ |
| ૧૭ | પુષ્પાબેન પદમશી સાયલા - તેરા | ૨૫,૦૦૦ |
| ૧૮ | મણીબેન જેતશી ગોવિંદજી દંડ - ભરૂડીયા | ૨૫,૦૦૦ |
| ૧૯ | સોમચંદ ઠાકરશી ધરમશી - ભરૂડીયા | ૨૧,૦૦૦ |
| ૨૦ | નરશીનાથા ચેરિટેબલ ફંડ ટ્રસ્ટ | ૧૧,૧૧૧ |
| ૨૧ | જેઠીબાઈ દેરાસર ટ્રસ્ટ-વાશી | ૧૧,૦૦૦ |
| ૨૨ | કેડીઓ ખંડવા મહાજન હ. હિરેન ગોસર | ૧૧,૦૦૦ |
| ૨૩ | આણંદ પરિવાર હ. નવલબેન બાબુભાઈ દંડ-તેરા | ૧૧,૦૦૦ |
| ૨૪ | રતનબેન તલકશી મૈશેરી - સાંધાણ | ૧૧,૦૦૦ |

| ક્રમ | નામ | રૂપિયા |
|---|---|---|
| ૨૫ | રતનબેન ભવાનજી લોડાયા-મો.સીંધોડી | ૧૧,૦૦૦ |
| ૨૬ | ગંગાબાઈ લીલાધર મોમાયા - સાયરા | ૧૧,૦૦૦ |
| ૨૭ | બાયાબાઈ ગોવિંદજી લોડાયા - મોટી ખાવડી | ૧૧,૦૦૦ |
| ૨૮ | જય માતા દી - વિજયભાઈ | ૧૧,૦૦૦ |
| ૨૯ | જયાબેન મોતીલાલ લોડાયા - મોટી ખાવડી | ૧૧,૦૦૦ |
| ૩૦ | રાયચંદ દેવશી જીવાણી - જખૌ | ૫,૦૦૦ |
| ૩૧ | પ્રેમાબાઈ નરશી કુરવા - ગોધરા | ૫,૦૦૦ |
| ૩૨ | દેવકાબાઈ ડુંગરશી મૈશેરી - જખૌ | ૫,૦૦૦ |
| ૩૩ | પ્રભાબેન તેજપાલ ધરમશી-લાલા | ૫,૦૦૦ |
| ૩૪ | જેતબાઈ ખીમજી મોમાયા - મોટી સીંધોડી | ૫,૦૦૦ |
| ૩૫ | મીતાબેન ભરત માલદે - દલતુંગી | ૫,૦૦૦ |
| ૩૬ | માનબાઈ લક્ષ્મીચંદ ધરમશી - જખૌ | ૫,૦૦૦ |
| ૩૭ | મમીબાઈ કુંવરજી દંડ - સુથરી | ૫,૦૦૦ |
| ૩૮ | સનમુદ્રા - દાદર | ૫,૦૦૦ |
| ૩૯ | સોનબાઈ રાયચંદ લોડાયા - દલતુંગી | ૫,૦૦૦ |
| ૪૦ | તારાબેન કુંવરજી દંડ - ભરૂડીયા | ૩,૦૦૦ |
| ૪૧ | લીલાવતી સુરેશ દંડ - ભરૂડીયા | ૩,૦૦૦ |
| ૪૨ | મણીબેન ચંદ્રકાન્ત મૈશેરી | ૧,૦૦૦ |
| ૪૩ | ધનબાઈ લખમશી મોમાયા | ૧,૦૦૦ |
| ૪૪ | તારાબેન નવીન નાગડા - રંગપુર | ૧,૦૦૦ |
| ૪૫ | સુશીલાબેન પ્રેમચંદ લોડાયા - મોટી ખાવડી | ૧,૦૦૦ |
| ૪૬ | પ્રેમીલાબેન જેઠાલાલ ધરમશી - રંગપુર | ૧,૦૦૦ |
| ૪૭ | કસ્તુરીબેન ડુંગરશી ખોના | ૧,૦૦૦ |
| ૪૮ | બાયાબાઈ જેઠાભાઈ લોડાયા | ૧,૦૦૦ |
| ૪૯ | તારાબાઈ હિરજી લોડાયા | ૧,૦૦૦ |
| ૫૦ | તા. ૨૬-૮-૧૨ જીવદયા પેટીમાં જમારાશિ | ૩૫,૦૦૦ |
| | | ૨૫,૦૦,૦૦૦ |

**મુંબઈ મહાજન-અનંતનાથ ટ્રસ્ટના ઉપક્રમે કચ્છ-હાલારમાં 'ઘાસચારા' વિતરણનું સંપૂર્ણ આયોજન શ્રી પ્રવિણ હંસરાજ લોડાયાના નેતૃત્વમાં કરાશે.**

ઉપરોક્ત **'જીવદયા અભિયાન'** તા. ૨૬-૮-૧૨ના ઝવેરબેન સભાગૃહમાં યોજાયેલા સાંવત્સરીક ક્ષમાપના-સમૂહ સાંજી-તપસ્વી બહુમાન-નાત જમણમાં આશરે ૨૫૦૦ થી વધુ જ્ઞાતિજનો ત્થા ૨૨૫ થી વધુ તપસ્વીઓ સહભાગી થયા હતા.

**નોધ : 'જીવદયા અભિયાન' માં** આપ સર્વે જ્ઞાતિજનોને જોડાવવાની હાર્દિક અપીલ સાથે રૂા. ૧૦૦૦/- ની ૧ મીતી પ્રમાણે આપનો ફાળો 'મહાજનશ્રી કાર્યાલય' માં નોંધાવવા વિનંતી.

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## અશ્રુ ખુટ્યા નથી અમારા અંતરઉરમાં....
## તમારા ગુણોની યાદ હરહંમેશ રહેશે અમારા દિલમાં....

કચ્છ-લાલા



મુંબઇ-મુલુંડ

**શ્રી કિશોરભાઈ શીવજી મોતા**
(ઉ. વ. ૫૭)

કર્યા છે કાર્યો એવા, ખુશ્બુ રહી છે વ્યાપી,
ગયું છે પુષ્પ જગતમાંથી, સુગંધિત સુવાસ આપી...

PRATAP®
Excellency
A-AHAR-KA ANAND®

**મણીકાંત હીરજી ધુલ્લા પરિવાર**
**પ્રતાપ એક્સલેન્સી પરિવાર**

**લીલી મેટલક્રાફ્ટ (આઈ) પ્રા. લી.**
**કપીલ લહેરી લેડાયા**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**